આપે છે સેવા...
સેવા...

શ્રી૧
સહકાર...

માગે છે સહકાર...
સદ્ભાવના...

# મહેસાણા તાલુકાની પ્રાથમિક શાળાઓના શિક્ષકોની નાણાં ધિરનારી સહકારી મંડળી નિયમિત, મહેસાણા.

કાર્યાલય : મહેસાણા જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘ, જેલ રોડ, મહેસાણા–૩૮૪૦૦૨. મો. ૮૧૨૮૫ ૪૦૦૪૦

website : www.mehtapritecoopcrsoc.com
Email : mtmandali1589@gmail.com

ટોલ ફ્રી નં. : ૧૮૦૦–૨૩૩–૧૪૪૦

રજી.નં. સે. ૧૫૮૯
તા. ૨૪–૧૦–૧૯૭૪

ઓડીટ વર્ગ–અ
સભાસદ સંખ્યા ૧૫૧૫

# ૫૦ મો વાર્ષિક અહેવાલ અને હિસાબ સને ૨૦૨૩ - ૨૦૨૪

| | |
|---|---|
| કુલ ભંડોળ | રૂા. ૪૬,૩૯,૫૨,૨૨૮–૧૫ |
| રીઝર્વ ફંડ | રૂા. ૧,૬૬,૨૩,૬૪૫–૦૯ |
| ભરપાઈ થયેલ શેર ભંડોળ | રૂા. ૧,૫૫,૭૮,૯૬૦–૦૦ |
| ધિરાણ | રૂા. ૪૩,૯૧,૯૯,૦૫૪–૮૦ |

| | |
|---|---|
| ફરજીયાત બચત | રૂા. ૧૯,૮૯,૨૮,૬૮૫–૦૦ |
| મરજીયાત બચત | રૂા. ૨૦,૫૩,૩૦,૪૧૭–૦૦ |
| ઈત્તર ફંડો | રૂા. ૨,૪૨,૮૫,૬૨૭–૦૬ |
| ધી.મહે.ડી.બેન્ક શેર | રૂા. ૧૪,૬૦,૦૦૦–૦૦ |

## નાણાં સંગ્રાહક

- ધી મહે.ડી.સે.કો.ઓપ.બેન્ક લિ., મહેસાણા
- ધી મહે.અર્બન કો.ઓપ.બેન્ક લિ., મહેસાણા
- એકસીસ બેન્ક, મહેસાણા
- બેંક ઓફ બરોડા, મહેસાણા

| | | | |
|---|---|---|---|
| કાન્તિભાઈ એમ. ચૌધરી<br>મેનેજર | ધીરજકુમાર એમ. ચૌધરી<br>વા. ચેરમેન | ધર્મેન્દ્રકુમાર બી. પટેલ<br>મેનેજીંગ ડીરેકટર | શૈલેષકુમાર એન. ચૌધરી<br>ચેરમેન |

# મહેસાણા તાલુકાની પ્રાથમિક શાળાઓના શિક્ષકોની નાણાં ધિરનારી સહકારી મંડળી નિયમિત, મહેસાણા.

## બોર્ડ ઓફ ડીરેક્ટર્સ વર્ષ : ૨૦૨૩-૨૦૨૪



શૈલેષકુમાર એન. ચૌધરી
પ્રમુખ



ધીરજકુમાર એમ. ચૌધરી
ઉપપ્રમુખ



ધર્મેન્દ્રકુમાર બી. પટેલ
મેનજીંગ ડીરેક્ટરશ્રી



કનૈયાલાલ બી. પટેલ
વ્ય.ક.સભ્ય



રમણભાઈ એન. પટેલ
વ્ય.ક.સભ્ય



શૈલેષકુમાર એન. પટેલ
વ્ય.ક.સભ્ય



બીપીનકુમાર એસ. પટેલ
વ્ય.ક.સભ્ય



ગીરીશકુમાર કે. પટેલ
વ્ય.ક.સભ્ય



દિપીકાબેન ડી. સુથાર
વ્ય.ક.સભ્ય



અરવિંદવન એલ. ગોસ્વામી
વ્ય.ક.સભ્ય



દિનેશકુમાર બી. ચૌધરી
વ્ય.ક.સભ્ય



વિષ્ણુભાઈ કે. ચૌધરી
વ્ય.ક.સભ્ય



શાન્તાબેન પી. ચૌધરી
વ્ય.ક.સભ્ય



યોગેશકુમાર બી. પરમાર
વ્ય.ક.સભ્ય



વસંતકુમાર આર. પરમાર
વ્ય.ક.સભ્ય

## કર્મચારી ગણ



લાલાભાઈ જી. મનસુરી
આંતરીક ઓડિટર



કાન્તિભાઈ એમ. ચૌધરી
મેનેજર



ભૂમિકાબેન ડી. મોદી
કલાર્ક



રણજીતકુમાર બી. ઠાકોર
સેવક

# મહેસાણા તાલુકાની પ્રાથમિક શાળાઓના શિક્ષકોની નાણાં ધિરનારી સહકારી મંડળી નિયમિત, મહેસાણા

## પ્રમુખશ્રીનું નિવેદન



આત્મીય સભાસદ શિક્ષક ભાઈ બહેનો,
સૌને નમસ્કાર !

આપણી મંડળી મહેસાણા તાલુકાની પ્રાથમિક શાળાઓના શિક્ષકોની નાણાં ધિરનારી સહકારી મંડળી નિયમિત, મહેસાણા સેવા, સહકાર, સંપની ઉમદા ભાવનાથી કરકસર, બચત અને પરસ્પર મદદરૂપ થવાની ભાવના સાથે આપ સૌના સહકારથી નિર્ધારિત લક્ષાંકોને પાર કરી ૪૯ વર્ષ પુરા કરી સને ૨૦૨૩-૨૦૨૪ના વર્ષનો ૫૦ મો વાર્ષિક અહેવાલ આપ સૌ સમક્ષ રજૂ કરતાં હું અને મારા સર્વે વ્યવસ્થાપક સમિતિના સાથી મિત્રો આનંદ સાથે ગૌરવની લાગણી અનુભવીએ છીએ.

સહકારના સિધ્ધાંતોને અનુલક્ષીને હંમેશા ખૂબ જ ઉત્કૃષ્ટ પ્રગતિ કરી રહેલી આપણા સૌની આ નાણાં ધિરનારી સહકારી મંડળીનું પ્રમુખ તરીકેનું સર્વોચ્ચ સ્થાન આપ સૌએ મારામાં વિશ્વાસ મૂકીને મને સોંપ્યું છે તે બદલ હું આપ સૌનો સદૈવ ઋણી રહીશ.

આપણા સૌના રોજિંદા જીવનના નાના-મોટા પ્રસંગોમાં મદદરૂપ બનીને સ્વમાનથી સ્વમાનભેર જીવન જીવવામાં અને સાથે આપણી સામાજિક સ્થિતિને ઉન્નત બનાવવામાં આપણી મંડળી હંમેશાં તત્પર રહે છે. બેંકો અને અન્ય નાણાકીય સંસ્થાઓની તુલનામાં ખૂબજ સરળતાથી આપણે નાણાકીય વ્યવહારો મંડળી થકી કરીએ છીએ આપણે હક્કથી અને ખૂબ જ સરળતાથી નાણાંની લેવડ-દેવડ આપણી મંડળી થકી કરીએ છીએ તે આપ સૌના અતૂટ વિશ્વાસનું પ્રતીક છે.

ચાલુ વર્ષે આપણા સભાસદો પૈકી ર સાથીદારોનો સ્વર્ગવાસ થયેલ છે. જે ઘણી દુઃખની બાબત છે ભગવાન સદ્ગત આત્માઓના પરિવારજનોને આ આઘાત સહન કરવાની શક્તિ આપે તેવી હૃદયપૂર્વકની પ્રાર્થના.

મંડળીના પ્રમુખ તરીકેના છેલ્લા એક વર્ષના સમયગાળામાં શિક્ષકોને મંડળી દ્વારા નિષ્પક્ષ રીતે મદદરૂપ થવાનો અને મંડળીની તમામ યોજનાઓને વધુ સુચારૂ સરળ અને મજબૂત બનાવવાનો યથાયોગ્ય પ્રયત્ન કરેલ છે. આપણી મંડળી અન્ય મંડળીઓની સરખામણીમાં નહિ નફો નહિ નુકશાનના ધ્યેય સાથે ઓછું માર્જિન રાખી વહીવટ કરતી સહકારી સંસ્થા છે. જે ચાલુ વર્ષે સભાસદોના તેજસ્વી બાળકોને જે પ્રોત્સાહિત ઈનામ આપતા હતા, તેમાં ધોરણ ૯ અને ધોરણ ૧૧ નો સમાવેશ કરવામાં આવેલ છે. એટલે કે ધોરણ ૩ થી ૧૨ સુધીના તમામ બાળકોને આ યોજનાનો લાભ મળશે. ચાલુ સાલે કારોબારીએ ૨.૫ % વ્યાજ વળતર અને ૧૦ % ડિવિડન્ડ વહેંચવાની ભલામણ કરેલ છે. હજીપણ સર્વે સભાસદોના હીત માટે આવનારા સમયમાં સહકાર અને સંઘ ભાવનાથી આપણી મંડળી ઉત્તરોત્તર પ્રગતિ કરે તે માટે હરહંમેશ પ્રયત્નશીલ રહી નિરંતર આગળ વધવા આપ સૌના સહકારની અપેક્ષા સેવું છું.

આપણે આટલી સમૃધ્ધ મંડળીના સભાસદો છીએ એ માટે આપણા ભૂતપૂર્વ મહાનુભાવોને પણ આ તબક્કે યાદ કરી તેમનો ઋણ સ્વીકાર કરીએ છીએ.

આપણી મંડળી ૫૦ વર્ષ પુરા કરી ૫૧ મા વર્ષમાં પ્રવેશ કરી રહી છે. ત્યારે ૫૦ મી વાર્ષિક સાધારણ સભામાં ઉપસ્થિત સર્વે ભાઈ-બહેનોનું હું હૃદયના ઉમળકાથી હાર્દિક સ્વાગત કરૂ છું. અને વીતેલા વર્ષના નાણાકીય હિસાબો સાથે આ વાર્ષિક અહેવાલ રજુ કરૂ છું.

# મહેસાણા તાલુકાની પ્રાથમિક શાળાઓના શિક્ષકોની નાણાં ધિરનારી સહકારી મંડળી નિયમિત, મહેસાણા

**૧. _સભાસદો_ :**

આપણી મંડળીમાં વર્ષની શરૂઆતમાં ૧૪૪૦ સભાસદો હતા તેમાં ૧૭૦ સભ્યોનો વધારો થયેલ છે અને ૯૫ સભ્યો નિવૃત તેમજ સભાસદો તાલુકાફેર જવાથી ઘટાડો થતાં વર્ષ આખરે ૧૫૧૫ સભ્ય સંખ્યા રહે છે.

**૨. _ધિરાણ_ :**

વર્ષ દરમ્યાન સભ્યોને મળતા બેઝીક પગારના ૪૦(ચાલીસ) ગણા અને રૂા. ૧૮,૦૦,૦૦૦-૦૦ અંકે રૂપિયા અઢાર લાખ પુરાની મર્યાદામાં રહીને સભ્યોને રૂા. ૧૯,૮૩,૫૦,૫૩૦-૦૦ નું ધિરાણ કરેલ છે. વર્ષ દરમ્યાન રૂા.૨૬,૦૪,૯૮,૩૪૭-૦૦ ની વસુલાત આવતાં તારીખ ૩૧-૩-૨૦૨૪ વર્ષ આખર રૂા. ૪૩,૯૧,૯૯,૦૫૪-૮૦ ધિરાણ બાકી રહે છે.

**૩. _ફરજીયાત બચત_ :**

ચાલુ સાલે વ્યાજ સાથે મળી કુલ રૂા. ૩,૪૮,૩૯,૪૦૩-૦૦નો વધારો અને રૂા. ૩,૦૦,૩૯,૭૪૪-૦૦ નો ઘટાડો થતાં વર્ષ આખર રૂા. ૧૯,૮૯,૨૮,૬૮૫-૦૦ ની ફરજીયાત બચત જમા રહે છે.

**૪. _મરજીયાત બચત_ :**

આ વર્ષે વ્યાજ સાથે મળી કુલ રૂા. ૨૦,૬૫,૭૯,૦૦૭-૦૦ જમા થયેલ છે. અને રૂા. ૨૫,૬૪,૬૦,૮૧૩-૦૦ ઉપાડ થતાં વર્ષ આખર રૂા. ૨૦,૫૩,૩૦,૪૧૭-૦૦ મરજીયાત બચત (સેવિંગ્સ) જમા રહે છે.

**૫. _સભાસદ કલ્યાણ નિધિ_ :**

વર્ષની શરૂઆતમાં રૂા. ૧૬,૫૭,૯૬૦-૯૩ ફંડ જમા હતું. વર્ષ દરમ્યાન નિવૃત શિક્ષકોને વ્યક્તિ દીઠ રૂા. ૧,૫૦૦-૦૦ ની મદદ દરેક શાળાનું ***શિક્ષક મિત્ર*** અને ***શિક્ષક જ્યોત***નું લવાજમ અને દરેક સભાસદને ભેટ આપેલ તે મળીને કુલ રૂા. ૧,૫૫,૫૭૬-૦૦ નો ખર્ચ થયેલ છે. અગાઉના વર્ષના નફાની ફાળવણી અને ચાલુ વર્ષની આવકમાંથી ફાળવણી કરતાં કુલ રૂા. ૬૯,૭૦૫-૦૦ વધારો થતાં વર્ષ આખર રૂા. ૧૫,૭૨,૦૮૯-૯૩ જમા રહે છે.

**૬. _મૃત્યુ સહાય નિધિ_ :**

વર્ષની શરૂઆતમાં રૂા. ૨,૬૦,૭૦૦-૦૦ ફંડ જમા હતું. ગત વર્ષના નફાની ફાળવણી રૂા. ૧,૬૦,૦૦૦-૦૦ થયેલ છે.વર્ષ દરમ્યાન ૨ સભ્યને મૃત્યુ સહાય ફંડમાંથી રૂા.૨,૫૦,૦૦૦-૦૦ લેખે મળી કુલ રૂા. ૫,૦૦,૦૦૦-૦૦ ની સહાય ચુકવેલ છે. વર્ષ દરમ્યાન ફરજીયાત બચત ફંડ વર્ષ આખરે જોગવાઈ રૂા.૩,૩૦,૬૧૩-૦૦ મળી વર્ષ આખર રૂા. ૨,૫૧,૩૧૩-૦૦ ફંડ જમા રહેલ છે. ચાલુ સાલે કુલ ૨ (બે) હમસફર સાથી મિત્રો ગુમાવવાનું આપણને સૌને દુઃખ છે. સ્વર્ગસ્થના કુટુંબીજનોને ઘરના મોભી અને સ્વજન ગુમાવવાથી કારમો આઘાત અને કદી ન પુરાય તેવી કાયમી ખોટ પડી છે. પ્રભુ સદ્‌ગતોના આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના સ્વર્ગસ્થના વારસદારોને

# મહેસાણા તાલુકાની પ્રાથમિક શાળાઓના શિક્ષકોની
# નાણાં ધિરનારી સહકારી મંડળી નિયમિત, મહેસાણા

નિયમ મુજબ નીચે પ્રમાણેની મૃત્યુ સહાય ચુકવવામાં આવી છે. તેમજ મંડળીની અગાઉ મળેલ વાર્ષિક સાધારણ સભાના ઠરાવ મુજબ સભાસદના મૃત્યુ પ્રસંગે સંસ્થામાં જે સભાસદ સંખ્યાના રૂા. ૧૦૦/- લેખે ફ. બચતમાંથી કાપી જે રકમ થાય તે રકમ મૃત્યુ પામનાર સભાસદના વારસદારને ચુકવવામાં આવે છે. જે નીચે પ્રમાણે મૃત્યુ સહાય ફંડ અને ફ. બચત સહાય ચુકવવામાં આવી છે.

## :: સ્વર્ગસ્થ સભાસદો ::

| અ. નં. | સ્વર્ગસ્થ સભાસદનું નામ | નોકરીનું સ્થળ | મૃત્યુ સહાય રકમ | ફ.બચત સહાય રકમ | સારસ્વત વિમા રકમ | કુલ રકમ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ભારતીબેન મણીલાલ સોલંકી | નુગર | ૨,૫૦,૦૦૦-૦૦ | ૧,૫૨,૧૦૦-૦૦ | ૧૦,૦૦,૦૦૦-૦૦ | ૧૪,૦૨,૧૦૦-૦૦ |
| ૨ | પોપટભાઈ ઈશ્વરભાઈ પટેલ | શંકરપુરા | ૨,૫૦,૦૦૦-૦૦ | ૧,૫૨,૧૦૦-૦૦ | ૧૦,૦૦,૦૦૦-૦૦ | ૧૪,૦૨,૧૦૦-૦૦ |
| ૩ | કલ્પનાબેન પુરૂષોત્તમભાઈ પટેલ | બોદલા | - | - | ૧,૦૦,૦૦૦-૦૦ | ૧,૦૦,૦૦૦-૦૦ |

***૭. વ્યાજના દરો :***

***૦૧-૦૪-૨૦૨૪ થી અમલમાં***

ફરજીયાત બચત : ૭ %

મરજીયાત બચત (સેવિંગ્સ) : ૬.૨૫ %

ધિરાણ (ડે ટુ ડે) : ૮.૨૫ %

***લોન વ્યાજ ગણતરી (સૂત્ર)***

મુદ્દલ X દિવસ X વ્યાજદર ÷ ૩૬૫ દિવસ = વ્યાજ

દા.ત.

$$૧,૦૦,૦૦૦ \times ૨૫ \times \frac{૮.૨૫}{૧૦૦} \div ૩૬૫ = ૫૬૫.૦૬$$

***૮. તપાસણી :***

વર્ષ ૨૦૨૨-૨૦૨૩ ના વર્ષનું ઓડીટ સરકારશ્રીનું પુરૂ થઈ ગયેલ છે. ચાલું વર્ષનું આંતરિક ઓડીટ શ્રી લાલાભાઈ ગફુરભાઈ મનસુરી એ સંતોષકારક કરેલ છે.

***૯. વ્યવસ્થાપક સમિતિ :***

તા. ૦૧-૦૪-૨૦૨૩ થી તા. ૩૧-૦૩-૨૦૨૪ સુધીમાં વ્યવસ્થાપક સમિતિની કુલ ૧૪ બેઠકો મળી હતી. તેમાં રજુ થયેલા ૧૪૮ ઠરાવોનો સર્વાનુમતે યોગ્ય નિકાલ કરવામાં આવેલ છે.

***૧૦. નફો અને ડિવિડન્ડ :***

તા. ૩૧-૦૩-૨૦૨૪ વર્ષ આખરનો ચોખ્ખો નફો રૂા. ૨૯,૦૦,૦૦૦-૦૦ થવા પામેલ છે. તેમાંથી કારોબારીએ શેર ભંડોળના ૧૦ % પ્રમાણે ડિવિડન્ડ વહેંચવાની ભલામણ કરેલ છે.

***૧૧. વિશિષ્ટતા :***ચાલુ સાલે આવકમાંથી દરેક સભાસદને સ્પર્શે તે સભાસદ કલ્યાણનિધિ ફંડમાં ફાળવણી, શતાબ્દી મહોત્સવમાં ફાળવણી અને મકાન ફંડમાં જોગવાઈ કરેલ છે. જે મંડળી અને સભાસદો માટે લાભદાયી છે.

# મહેસાણા તાલુકાની પ્રાથમિક શાળાઓના શિક્ષકોની નાણાં ધિરનારી સહકારી મંડળી નિયમિત, મહેસાણા

**૧૨. <u>સરસ્વતી લક્ષ્મી બોન્ડ</u> :**

ગુજરાતના પ્રથમ મહિલા પૂર્વ મુખ્ય મંત્રી માનનીય શ્રી આનંદીબેન પટેલ જેમણે બેટી બચાવો બેટી વધાવો બેટી પઢાવો અને સ્ત્રી સશક્તિકરણ અભિયાન ચલાવેલ છે. તેમાં પણ આપણી મંડળી સરકારને અનુસરે છે. મંડળીના જે સભાસદોને પ્રથમ દિકરીનો જન્મ થાય તે સભાસદને મંડળી રૂા. ૫,૦૦૦-૦૦ નો સરસ્વતી લક્ષ્મી બોન્ડ આપે છે.

**૧૩. <u>સભાસદ સારસ્વત વિમા યોજના</u> :**

આથી સર્વે માનવંતા સભાસદ ભાઈ/બહેનો મિત્રોને જણાવતાં આનંદ થાય છે કે સફળ બોર્ડ ઓફ ડિરેક્ટર તથા સભાસદો દ્વારા સંચાલિત ગુજરાતની સૌથી અગ્રેસર મહેસાણા તાલુકાની પ્રાથમિક શાળાઓના શિક્ષકોની નાણાં ધિરનારી સહકારી મંડળી નિયમિત મહેસાણા જે આપના સહકારથી ગૌરવશાળી, ઉત્તરોતર ઝડપથી વિકાસ કરીને અગ્રેસર રહી છે.

જેમાં આપણી મંડળીએ સભાસદો થકી નવીન યોજના ચાલુ સાલે "***સભાસદ સારસ્વત યોજના***"મુકેલ છે. જે યોજનામાં દરેક સભાસદ મિત્રોએ વર્ષ દરમ્યાન રૂા. ૨,૦૦૦-૦૦ વાર્ષિક પ્રિમિયમ ભરવાનું રહેશે. જેની સામે આપણી મંડળી સભાસદના કુદરતી/અકસ્માત મૃત્યુ સમયે રૂા.૧૦,૦૦,૦૦૦-૦૦ સભાસદના વારસદારને ચુકવવામાં આવે છે. વર્ષની શરૂઆતમાં રૂા. ૩૩,૦૫,૭૯૪-૦૦ ફંડ જમા હતુ. ગત વર્ષના કાચા નફામાંથી રૂા. ૩,૬૬,૩૮૧-૦૦ વ્યાજ જમા આપેલ છે. તેમજ રૂા. ૨૯,૨૬,૦૦૦-૦૦ વર્ષ દરમ્યાન જમા ફંડ આવેલ છે. સભાસદના મૃત્યુ પ્રસંગે રૂા. ૨૧,૦૦,૦૦૦-૦૦ સહાય ચૂકવેલ છે. તેમજ અકસ્માત વિમાનું પ્રિમિયમ રૂા. ૪,૬૭,૯૭૫-૦૦ ભરેલ છે. વર્ષની આખરમાં રૂા. ૪૦,૩૦,૨૦૦-૦૦ જમા છે. પ્રગતિશીલ યુગ માટે આવકાર દાયક અને અભિનંદનને પાત્ર છે.

**૧૪. <u>વેબસાઈટ</u> :**

સભાસદ ધિરાણની માહિતી મંડળીના વ્યાજ દર અને મંડળીમાં મળતા લાભ વેબસાઈટ પરથી જોઈ શકે છે. સભાસદો રોજીંદા સમયના મંડળીના ન્યુઝ પણ જોઈ શકે છે. સભાસદો વેબસાઈટ પરથી બોર્ડ ઓફ ડિરેક્ટરશ્રીના નામ, ઈમેલ, મો. નંબર તથા કર્મચારીના નામ, મો. નંબર મેળવી શકે છે. મંડળીના વેબસાઈટ પર લોગ ઈન થયા પછી સભાસદો પોતાના ચાલુ તથા બંધ ખાતાની માહીતી જોઈ શકે છે. અને સ્ટેટમેન્ટ પણ સભાસદ મેળવી શકે છે. સભાસદ રીકવરી સીટ ઓપશનમાંથી દર માસે કપાત હપ્તાની પ્રિંટ પણ મેળવી શકે છે.

**૧૫. <u>મોબાઈલ એપ</u> :**

આપણી મંડળીએ સને ૨૦૧૬/૨૦૧૭ના વર્ષમાં નવિન સ્કિમ મોબાઈલ એપ ચાલુ કરેલ છે. જેમાં સભાસદ મોબાઈલ એપમાંથી પોતાના ખાતાની તમામ માહીતી જોઈ શકે છે, મોબાઈલ એપથી મંડળીનો મેપ તથા કોન્ટેક્ટ

# મહેસાણા તાલુકાની પ્રાથમિક શાળાઓના શિક્ષકોની
# નાણાં ધિરનારી સહકારી મંડળી નિયમિત, મહેસાણા

પણ મેળવી શકે છે. અને મંડળીને એસ.એમ.એસ. પણ મોકલી શકે છે. તથા મંડળીને લગતી તમામ માહીતી ઘેરબેઠાં સભાસદ મેળવી શકે છે.

મોબાઈલ એપ Google Play Store માંથી ડાઈનલોડ કરવાની રહેશે.ચાલુ સાલે મંડળીએ સભાસદો માટે મોબાઈલ બેલેન્સ ઈન્કવાયરી નંબરની સેવા ચાલુ કરેલ છે જે નંબર ***૮૦૯૪૪ ૭૫૫૫૬*** પર મિસ્કોલ કરવાથી સભાસદને બેલેન્સનો SMS મળી રહેશે.

***૧૬. પ્રકીર્ણ :***

આપણી મંડળી ધિરાણ ઉપરાંત બીજા આર્થિક લાભ આપી સભાસદોની અનેક વિધ સેવાઓ કરીને પારદર્શી વહીવટનું ઉમદા દ્દષ્ટાંત પુરૂ પાડેલ છે, મૃત્યુ સહાય રૂા. ૨,૫૦,૦૦૦-૦૦ આપીને સાચા અર્થમાં મૃતકના કુટુંબીજનોને આપણે મદદ કરી શક્યા છીએ. ઉપરાંત ૨.૫ % સુધી વ્યાજ વળતર આપવામાં આવે છે. મૃત્યુ સહાય ફંડમાં દરેક સભાસદના ફ. બચત ખાતામાંથી રૂા. ૧૦૦-૦૦ ઉધારીને આપવાની રહેશે તથા મંડળી તરફથી મૃત્યુ સહાય રૂા. ૨,૫૦,૦૦૦-૦૦ આપવામાં આવે છે. નિવૃત સભાસદને રૂા. ૧,૫૦૦-૦૦ સુધીના વધારાની સહાય, વિજ્ઞાન મેળા, વ્યાયામ હરીફાઈમાં બાળકોને ઉત્તેજન, શિક્ષક મિત્રનું દરેક શાળાનું લવાજમ, શિક્ષક જયોતનું દરેક શાળાનું લવાજમ, દરેક સભાસદના રૂા. ૧૦,૦૦,૦૦૦-૦૦ નું અકસ્માત વિમાનું પ્રિમિયમ આપણી મંડળી દ્વારા ભરવામાં આવે છે. આ સૌ પ્રવૃત્તિઓ આપણી મંડળીની વહીવટી કાર્યદક્ષતાની પારાશીશી છે.

***૧૭. આભાર દર્શન :***

મંડળીના કામોનો સરળતાથી અને ઝડપથી નિકાલ થાય તે માટે અલાયદા સૂચન અને માર્ગદર્શન આપવા બદલ માન. શ્રી જિલ્લા રજીસ્ટ્રાર સાહેબ, સહકારી ખાતાના અધિકારી સાહેબશ્રીનો મંડળી વતી આભાર માનુંછું. મંડળીને ઈન્કમટેક્ષની જટીલ સમસ્યામાં મદદ કરવા બદલ ચાર્ટડ એકાઉન્ટન્ટ શ્રી અશ્વિન કે. યાજ્ઞિક સાહેબનો હું આભાર માનું છું.

ધીમા પરંતુ મક્કમ સુધારાની પ્રગતિનો પંથ સર કરતી આપણી મંડળી સભાસદ શિક્ષક બંધુઓની સર્વે પ્રકારે સેવા કરવા હંમેશાં ખરી ઉતરી છે.અંકુરમાંથી વિશાળ વટવૃક્ષ બનેલી આપણી સંસ્થાએ રાજ્યની ક્રેડીટ સોસાયટીઓમાં પ્રથમ હરોળમાં સ્થાન પ્રાપ્ત કરેલ છે. તેનો યશ પ્રથમ આપ સૌ સભાસદ ભાઈ-બહેનોને તથા મારા સાથી કારોબારી મિત્રો અને કર્તવ્યનિષ્ઠ નિષ્ઠાવાન મંત્રી શ્રી કાન્તિભાઈ ચૌધરી તથા વફાદાર કર્મચારી ગણ અને મારા વડીલ મિત્રો તથા સૌ સભાસદ ભાઈ/બહેનોને આભારી છે. બસ અસ્તુ...

આપનો ભવદીય

***શૈલેષકુમાર એન. ચૌધરી***

પ્રમુખ

મહેસાણા તા. પ્રા. શા. શિ. નાણાં ધિ. સ. મંડળી નિ. મહેસાણા

# મહેસાણા તાલુકાની પ્રાથમિક શાળાઓના શિક્ષકોની નાણાં ધિરનારી સહકારી મંડળી નિયમિત, મહેસાણા

## તા. ૩૧-૦૩-૨૦૨૪ ના વર્ષની જમા-ઉધાર તારીજ

| વિગત | ઉધાર | જમા |
|---|---|---|
| ૧. ધિરાણ | ૧૯,૮૩,૫૦,૫૩૦-૦૦ | ૨૬,૦૪,૯૮,૩૪૭-૦૦ |
| ૨. વ્યાજ | ૪૨,૩૯,૨૪૮-૦૦ | ૪,૩૯,૪૬,૮૮૮-૦૦ |
| ૩. શેર ભંડોળ | ૧૧,૦૫,૯૩૦-૦૦ | ૮,૧૪,૨૯૦-૦૦ |
| ૪. ફરજીયાત બચત | ૩,૦૦,૩૯,૭૪૪-૦૦ | ૩,૪૮,૩૯,૪૦૩-૦૦ |
| ૫. મરજીયાત બચત | ૨૫,૬૪,૬૦,૮૧૩-૦૦ | ૨૦,૬૫,૭૯,૦૦૭-૦૦ |
| ૬. ઈન્ટરનેટ મેન્યુઅલ ખર્ચ | ૧૦,૫૦૦-૦૦ | |
| ૭. પગાર ખર્ચ | ૧૩,૭૩,૮૧૦-૦૦ | ૮-૦૦ |
| ૮. પોસ્ટેજ ખર્ચ | ૪,૨૨૩-૦૦ | |
| ૯. ઓફીસ ભાડુ ખર્ચ | ૧૨,૦૦૦-૦૦ | |
| ૧૦. ઈલેક્ટ્રીક ખર્ચ | ૪૨,૨૫૦-૦૦ | |
| ૧૧. ટેલીફોન ખર્ચ | ૧૩,૮૧૩-૦૦ | |
| ૧૨. બોનસ ખર્ચ | ૧,૦૫,૪૬૮-૦૦ | |
| ૧૩. આંતરીક ઓડીટર ખર્ચ | ૨,૦૦૦-૦૦ | |
| ૧૪. પી.એફ.ફંડ ફાળો જોગવાઈ | ૧,૧૫,૧૩૪-૦૦ | |
| ૧૫. સોફ્ટવેર મેન્યુઅલ ખર્ચ | ૨૦,૦૦૦-૦૦ | |
| ૧૬. કોમ્પ્યુટર મેન્ટેનન્સ ખર્ચ | ૨૫૦-૦૦ | |
| ૧૭. કોમ્પ્યુટર સોફ્ટવેર ખર્ચ | ૭,૫૦૦-૦૦ | |
| ૧૮. બાળ પ્રો.એન્ડ નિવૃત સભા.સન્માન ફંડ વ્યાજ ખર્ચ | ૮૫,૬૮૦-૦૦ | |
| ૧૯. ફરજીયાત બચત વ્યાજ ખર્ચ | ૧,૩૩,૦૬,૦૯૩-૦૦ | |
| ૨૦. મરજીયાત બચત વ્યાજ ખર્ચ | ૧,૯૫,૬૭,૨૨૮-૦૦ | |
| ૨૧. સભાસદ સારસ્વત વીમા વ્યાજ ખર્ચ | ૩,૬૬,૩૮૧-૦૦ | |
| ૨૨. ઓફીસ સફાઈ ખર્ચ | ૧૨,૦૦૦-૦૦ | |
| ૨૩. ઈન્કમટેક્ષ ટ્રીબ્યુનલ ખર્ચ | ૧,૨૯,૮૦૦-૦૦ | |
| ૨૪. સહકાર પ્રચાર ફંડ જોગવાઈ ખર્ચ | ૧,૨૦૩-૫૮ | |
| ૨૪. સભાસદ મૃત્યુ સહાય ફંડ જોગવાઈ ખર્ચ | ૨,૫૦,૦૦૦-૦૦ | |
| ૨૫. મિનરલ વોટર ખર્ચ | ૯,૨૦૦-૦૦ | |
| ૨૬. ઈતર ખર્ચ | ૧,૦૪,૭૧૪-૫૨ | |
| ૨૭. ફોર્મ એન્ડ છપામણી ખર્ચ | ૫૪,૪૯૦-૦૦ | |
| ૨૮. સભાસદ ગીફ્ટ અનામત ખર્ચ | ૧૫,૧૮,૦૦૦-૦૦ | |
| ૨૯. ઈન્સ્યોરન્સ પેકેજ પોલીસી ખર્ચ | ૧૦,૭૯૪-૦૦ | |
| ૩૦. ઓડીટ ફી ખર્ચ | ૩,૦૦૦-૦૦ | |
| ૩૧. કન્ટીજન્સી એન્ડ સ્ટેશનરી ખર્ચ | ૯,૬૯૦-૦૦ | |
| ૩૨. મંડળી વ્યવસાય વેરો | ૧૫,૩૮૩-૦૦ | |
| ૩૩. સભાસદ લોન વ્યાજ વળતર ખર્ચ | ૯,૬૭,૫૧૭-૦૦ | |
| ૩૪. સરભરા ખર્ચ | ૪૩,૮૨૯-૦૦ | |
| ૩૫. ધી મહે. ડી. બેન્ક ઓ.ડી. | ૨,૪૩,૧૪,૭૬૫-૫૦ | |
| ૩૬. ધી મહે.અર્બન બેન્ક ઓ.ડી. ખાતુ | ૩,૪૦,૨૩,૦૦૬-૨૦ | ૮૫,૨૫,૭૦૧-૦૦ |
| ૩૭. ધી મહે. ડી. સે. કો. ઓપ.બેન્ક સી.સી. | ૧૩,૪૦,૯૬,૯૦૭-૦૦ | ૧૦,૩૫,૩૦,૫૯૯-૦૦ |
| ૩૮. ધી મહે. અર્બન બેન્ક ઓ.ડી. વ્યાજ | ૭,૮૮,૧૫૧-૦૦ | |
| ૩૯. ધી મહે. ડી. બેન્ક ઓ.ડી.વ્યાજ | ૧૮,૬૫૨-૦૦ | |
| ૪૦. ધી મહે. ડી. સે. કો. ઓપ.બેન્ક સી.સી.વ્યાજ | ૨૪,૦૫,૭૩૮-૦૦ | |

# મહેસાણા તાલુકાની પ્રાથમિક શાળાઓના શિક્ષકોની નાણાં ધિરનારી સહકારી મંડળી નિયમિત, મહેસાણા

| વિગત | ઉધાર | જમા |
|---|---|---|
| ૪૧. એક્સીસ બેન્ક સેવિંગ વ્યાજ | | ૨,૦૦,૧૩૧-૦૦ |
| ૪૨. ધી મહે. અર્બન બેન્ક સેવિંગ વ્યાજ | | ૧૦,૨૬૨-૦૦ |
| ૪૩. બેંક ઓફ બરોડા સેવિંગ વ્યાજ | | ૧૪૦-૩૦ |
| ૪૪. ધી મહે. ડી. બેન્ક સેવિંગ વ્યાજ | | ૫,૦૧૯-૦૦ |
| ૪૫. ધી મહે. ડી. બેન્ક પી.એફ. વ્યાજ | ૩,૬૬૭-૦૦ | ૩,૬૬૭-૦૦ |
| ૪૬. ધી મહે. ડી. બેન્ક ગ્રેજ્યુઈટી વ્યાજ | ૧૯૮-૦૦ | ૧૯૮-૦૦ |
| ૪૭. ધી મહે. ડી. બેન્ક એફ.ડી.વ્યાજ | ૩૯,૨૧,૨૨૩-૦૦ | ૫૦,૮૪,૮૪૬-૦૦ |
| ૪૮. ધી મહે. અર્બન બેન્ક એફ.ડી. વ્યાજ | ૪૦,૨૨,૫૮૪-૦૦ | ૭૩,૮૯,૭૧૮-૦૦ |
| ૪૯. ધી મહે. ડી. બેન્ક ગ્રેજ્યુઈટી એફ.ડી.વ્યાજ | ૯૭,૧૭૫-૦૦ | ૯૭,૧૭૫-૦૦ |
| ૫૦. ધી મહે. ડી. બેન્ક પી.એફ.એફ.ડી.વ્યાજ | ૯૬,૨૧૦-૦૦ | ૯૬,૨૧૦-૦૦ |
| ૫૧. ધી મહે. ડી. બેન્ક એફ.ડી.ટી.ડી.એસ. | ૧,૯૫,૮૧૯-૦૦ | |
| ૫૨. ધી મહે. અર્બન બેન્ક એફ.ડી.ટી.ડી.એસ. | ૨,૨૬,૮૭૭-૦૦ | |
| ૫૩. ધીમહે.ડી.બેન્કસ્ટાફપી.એફ.એફ.ડી.ટી.ડી.એસ. | ૯,૬૨૦-૦૦ | |
| ૫૪. ધી મહે.ડી.બેન્ક ગ્રેજ્યુઈટી એફ.ડી.ટી.ડી.એસ. | ૧૧,૮૮૮-૦૦ | |
| ૫૫. ધી મહે. ડી. બેન્ક એફ.ડી. | | ૩,૨૪,૩૬,૨૨૩-૦૦ |
| ૫૬. ધી મહે. અર્બન બેન્ક એફ.ડી. | | ૩,૧૯,૦૫,૮૯૪-૦૦ |
| ૫૭. ધીમહે.ડી.બેન્ક સ્ટાફ પી.એફ.એફ.ડી. | ૧૮,૦૪,૨૦૦-૦૦ | ૧૪,૮૦,૧૫૦-૦૦ |
| ૫૮. ધી મહે.ડી.બેન્ક ગ્રેજ્યુઈટી એફ.ડી. | ૧૬,૮૦,૦૦૦-૦૦ | ૧૪,૯૫,૦૦૦-૦૦ |
| ૫૯. એક્સીસ બેન્ક અનક્લીયર ચેક | | ૩,૦૪,૮૯૪-૦૦ |
| ૬૦. ધીમહે.ડી.બેન્ક સેવિંગ્સ ખાતુ | ૧,૨૭,૫૪,૫૪૫-૦૦ | ૧,૨૬,૩૫,૫૦૦-૫૦ |
| ૬૧. એક્સીસ બેન્ક સેવિંગ્સ ખાતુ | ૪૮,૦૪,૫૦,૨૦૦-૦૦ | ૪૭,૬૮,૯૪,૮૧૨-૦૬ |
| ૬૨. ધીમહે.અર્બન બેન્ક સેવિંગ્સ ખાતુ | ૯૦,૦૧,૩૫૫-૮૦ | ૮૬,૨૭,૦૬૦-૬૬ |
| ૬૩. ધીમહે.ડી.બેન્ક પી.એફ.સેવિંગ્સ ખાતુ | ૧૮,૦૦,૬૯૫-૦૦ | ૧૮,૦૪,૨૦૦-૦૦ |
| ૬૪. ધીમહે.ડી.બેન્ક ગ્રેજ્યુઈટી સેવિંગ્સ ખાતુ | ૧૬,૮૦,૪૮૫-૦૦ | ૧૬,૮૦,૦૦૦-૦૦ |
| ૬૫. બેંક ઓફ બરોડા સેવિંગ્સ ખાતુ | ૧૪૦-૩૦ | |
| ૬૬. બાળ પ્રો.એન્ડ નિવૃત સભા.સન્માન ફંડ | ૭૫,૩૭૫-૦૦ | ૧,૧૧,૯૮૧-૦૦ |
| ૬૭. રીઝર્વ ફંડ | - | ૮,૦૧,૯૧૪-૦૦ |
| ૬૮. મકાન ફંડ | - | ૧૩,૯૪૧-૦૦ |
| ૬૯. શકમંદ લેણા ફંડ | - | ૪,૮૦,૦૦૦-૦૦ |
| ૭૦. ડીવીડંડ ઈકવીટી ફંડ | ૪,૩૧૩-૦૦ | |
| ૭૧. સહકાર પ્રચાર ફંડ | | ૫,૮૫૦-૫૮ |
| ૭૨. ધર્માદા ફંડ | - | ૪,૬૪૭-૦૦ |
| ૭૩. ડેડ સ્ટોક ઘસારા ફંડ | - | ૧,૧૦,૬૭૨-૦૦ |
| ૭૪. નફા-નુકશાન | ૩૨,૦૦,૦૦૦-૦૦ | - |
| ૭૫. સભાસદ ગીફ્ટ અનામત | ૧૪,૪૩,૦૦૦-૦૦ | ૧૫,૧૮,૦૦૦-૦૦ |
| ૭૬. સભાસદ મૃત્યુ સહાય ફંડ | ૫,૦૦,૦૦૦-૦૦ | ૪,૯૦,૬૧૩-૦૦ |
| ૭૭. સભાસદ ફ.બ.મૃત્યુ સહાય ફંડ | ૩,૦૪,૨૦૦-૦૦ | ૩,૦૪,૨૦૦-૦૦ |
| ૭૮. સભાસદ કલ્યાણ નિધિ ફંડ | ૧,૫૫,૫૭૬-૦૦ | ૬૯,૭૦૫-૦૦ |
| ૭૯. સભાસદ થાપણ ચાલુ ખાતુ | ૪,૫૨,૫૦૦-૦૦ | ૪,૫૨,૫૦૦-૦૦ |
| ૮૦. સિધ્ધપુર તાલુકા મંડળી | ૫૮,૬૮,૭૨૧-૦૦ | ૫૮,૬૮,૭૨૧-૦૦ |
| ૮૧. વિસનગર તાલુકા મંડળી | ૪૮,૩૧,૬૮૮-૦૦ | ૪૮,૩૧,૬૮૮-૦૦ |
| ૮૨. ખેરાલુ તાલુકા મંડળી | ૫૭,૩૫,૨૫૫-૦૦ | ૫૭,૩૫,૨૫૫-૦૦ |

# મહેસાણા તાલુકાની પ્રાથમિક શાળાઓના શિક્ષકોની
# નાણાં ધિરનારી સહકારી મંડળી નિયમિત, મહેસાણા

| વિગત | ઉધાર | જમા |
|---|---|---|
| ૮૩. ચાણસ્મા તાલુકા મંડળી | ૧,૧૩,૮૨,૩૦૨-૦૦ | ૧,૧૩,૮૨,૩૦૨-૦૦ |
| ૮૪. કડી તાલુકા મંડળી | ૨૪,૭૦,૪૯૨-૦૦ | ૨૪,૭૦,૪૯૨-૦૦ |
| ૮૫. વિજાપુર તાલુકા મંડળી | ૨૦,૪૩,૫૧૧-૦૦ | ૨૦,૪૩,૫૧૧-૦૦ |
| ૮૬. વ્યવસાય વેરો | ૭,૨૦૦-૦૦ | ૭,૨૦૦-૦૦ |
| ૮૭. શિક્ષણ ફંડ | ૮૦,૦૦૦-૦૦ | ૮૦,૦૦૦-૦૦ |
| ૮૮. ડેડસ્ટોક | ૮,૯૦૦-૦૦ | - |
| ૮૯. અધેશ્યુ સ્ટેમ્પ ખાતુ | ૮૭,૦૦૦-૦૦ | ૧,૦૬,૮૦૦-૦૦ |
| ૯૦. ધી મહે. ડી. બેન્ક રીસીવ વ્યાજ | ૨૫,૪૨,૪૨૩-૦૦ | ૩૯,૨૧,૨૨૩-૦૦ |
| ૯૧. ધી મહે. અર્બન બેન્ક રીસીવ વ્યાજ | ૩૬,૯૪,૮૫૯-૦૦ | ૪૦,૨૨,૫૮૪-૦૦ |
| ૯૨. લોન પર મળવાપાત્ર વ્યાજ | ૪૩,૭૯,૫૯૭-૦૦ | ૪૨,૩૯,૨૪૮-૦૦ |
| ૯૩. ઈન્કમટેક્ષ રીટર્ન / ટેક્ષ ઓડીટ | ૨૫,૦૬૩-૨૦ | - |
| ૯૪. વાર્ષિક સાધારણ સભા ખર્ચ | ૨૬,૬૨૦-૦૦ | - |
| ૯૫. ડેડ સ્ટોક ઘસારા ખર્ચ | ૧,૧૦,૬૭૨-૦૦ | - |
| ૯૬. ગ્રેજ્યુઈટી ફંડ જોગવાઈ ખર્ચ | ૧,૦૦,૦૦૦-૦૦ | - |
| ૯૭. ઈતર આવક | ૧,૫૦૦-૦૦ | ૧,૫૦૦-૦૦ |
| ૯૮. ગ્રેજ્યુઈટી ફંડ | - | ૧,૯૭,૩૭૩-૦૦ |
| ૯૯. પ્રવેશ ફી | ૨૬૯-૦૦ | ૨૬૯-૦૦ |
| ૧૦૦.પ્રોવિડંડ ફંડ | - | ૩,૩૦,૧૬૫-૦૦ |
| ૧૦૧. ટ્રાન્સફર ખાતુ | ૯૧,૬૨,૧૪૧-૦૦ | ૯૧,૬૨,૧૪૧-૦૦ |
| ૧૦૨. ડીવીડંડ ખાતુ | ૧૫,૯૧,૩૭૩-૦૦ | ૧૫,૯૧,૩૭૩-૦૦ |
| ૧૦૩. ધી મહે. ડી. બેન્ક ડીવીડંડ | - | ૮૨,૮૯૦-૦૦ |
| ૧૦૪. સભાસદ સારસ્વત વીમો | ૨૫,૬૭,૯૭૫-૦૦ | ૩૨,૯૨,૩૮૧-૦૦ |
| ૧૦૬. વર્ષની શરૂઆતની સિલક | - | ૩૫,૪૪૧-૦૦ |
| ૧૦૭. વર્ષની આખરની સિલક | ૩૭,૦૮૧-૦૦ | |
| કુલ એકંદર... | ૧,૩૦,૪૬,૫૧,૯૨૪-૧૦ | ૧,૩૦,૪૬,૫૧,૯૨૪-૧૦ |

## તા. ૩૧-૦૩-૨૦૨૪ આખરની નફાની વહેંચણી

| આવક | રૂા. | ખર્ચ | રૂા. |
|---|---|---|---|
| સને ૨૦૨૩-૨૪ની સાલનો ચોખ્ખો નફો | ૨૯,૦૦,૦૦૦-૦૦ | ૧. રીઝર્વ ફંડ ખાતે નફાના ૨૫% પ્રમાણે | ૭,૨૫,૦૦૦-૦૦ |
| | | ૨. ડીવી. ખાતે શેર ભંડોળના ૧૦% પ્રમાણે | ૧૫,૫૭,૮૯૬-૦૦ |
| | | ૩. શિક્ષણ ફાળો નફાના ૨.૫ % પ્રમાણે | ૭૨,૫૦૦-૦૦ |
| | | ૪. મૃત્યુ સહાયનિધિ ખાતે નફાના ૨ % પ્રમાણે | ૫૮,૦૦૦-૦૦ |
| | | ૫. શકમંદ લ્હેણા ફંડ ખાતે ૧૫% પ્રમાણે | ૪,૩૫,૦૦૦-૦૦ |
| | | બાકી વધેલી રકમ રૂા. ૫૧,૬૦૪-૦૦ | |
| | | ૬. મકાન ફંડ ખાતે ૧૫% પ્રમાણે | ૭,૭૪૧-૦૦ |
| | | ૭. ધર્માદા ફંડ ખાતે ૫% પ્રમાણે | ૨,૫૮૦-૦૦ |
| | | ૮. સહકાર પ્રચાર ફંડ ખાતે ૫% પ્રમાણે | ૨,૫૮૦-૦૦ |
| | | ૯.સભાસદ કલ્યાણનિધિ ફંડ ખાતે ૭૫% પ્રમાણે | ૩૮,૭૦૩-૦૦ |
| કુલ એકંદર... | ૨૯,૦૦,૦૦૦-૦૦ | કુલ એકંદર... | ૨૯,૦૦,૦૦૦-૦૦ |

| | | | |
|---|---|---|---|
| ***કાન્તિભાઈ એમ. ચૌધરી*** | ***ધર્મેન્દ્રકુમાર બી. પટેલ*** | ***ધીરજકુમાર એમ. ચૌધરી*** | ***શૈલેષકુમાર એન. ચૌધરી*** |
| મેનેજર | મેને. ડીરેકટર | વા. ચેરમેન | ચેરમેન |

# મહેસાણા તાલુકાની પ્રાથમિક શાળાઓના શિક્ષકોની
# નાણાં ધિરનારી સહકારી મંડળી નિયમિત, મહેસાણા

## તા. ૩૧-૦૩-૨૦૨૪ આખરનું નફા નુકશાન ખાતુ

| આવક | રૂા. | ખર્ચ | રૂા. |
|---|---|---|---|
| | | ***વ્યાજ ખર્ચ*** | |
| ૧. ધિરાણનું વ્યાજ | ૩,૯૭,૦૭,૬૪૦-૦૦ | ૧. ફરજીયાત બચત | ૧,૩૩,૦૬,૦૯૩-૦૦ |
| ૨. મહે.ડી.બેન્ક સેવિંગ્સ વ્યાજ | ૫,૦૧૯-૦૦ | ૨. મરજીયાત બચત | ૧,૯૫,૬૭,૨૨૮-૦૦ |
| ૩. એક્સીસ બેન્ક સેવિંગ્સ વ્યાજ | ૨,૦૦,૧૩૧-૦૦ | ૩. બાળપ્રો.નિ.શિ.સ.ફંડવ્યાજ | ૮૫,૬૮૦-૦૦ |
| ૪. બેન્ક ઓફ બરોડા સેવિંગ્સ વ્યાજ | ૧૪૦-૩૦ | ૪. સારસ્વત વીમા વ્યાજ | ૩,૬૬,૩૮૧-૦૦ |
| ૫. અર્બન બેન્ક ડીપો.વ્યાજ | ૩૩,૬૭,૧૩૪-૦૦ | ૫.ધીમહે.ડી.બેંક સી.સી.વ્યાજ | ૨૪,૦૫,૭૩૮-૦૦ |
| ૬. અર્બન બેન્ક સેવિંગ્સ વ્યાજ | ૧૦,૨૬૨-૦૦ | ૬.ધીમહે.ડી.બેંક ઓ.ડી.વ્યાજ | ૧૮,૬૫૨-૦૦ |
| ૭. મહે.ડી.બેન્ક ડીપો.વ્યાજ | ૧૧,૬૩,૬૨૩-૦૦ | ૭.મહે.અર્બન બેંક ઓ.ડી.વ્યાજ | ૭,૮૮,૧૫૧-૦૦ |
| ૮. મહે.ડી.બેન્ક ડીવીડંડ | ૮૨,૮૯૦-૦૦ | ***મહેકમ*** | |
| | | ૮. પગાર ખર્ચ | ૧૩,૭૩,૮૦૨-૦૦ |
| | | ૯. આંતરીક ઓડીટર ફી | ૨,૦૦૦-૦૦ |
| | | ***બીજું ખર્ચ*** | |
| | | ૧૦. મકાન ભાડું | ૧૨,૦૦૦-૦૦ |
| | | ૧૧. કન્ટીજન્સી/સ્ટેશનરી ખર્ચ | ૯,૬૯૦-૦૦ |
| | | ૧૨. ફોર્મ એન્ડ છપામણી ખર્ચ | ૫૪,૪૯૦-૦૦ |
| | | ૧૩. બોનસ | ૧,૦૫,૪૬૮-૦૦ |
| | | ૧૪. કોમ્પ્યુટર મેન્ટેનન્સ ખર્ચ | ૨૫૦-૦૦ |
| | | ૧૫. ઈલેક્ટ્રીક ખર્ચ | ૪૨,૨૫૦-૦૦ |
| | | ૧૬. પોસ્ટેજ ખર્ચ | ૪,૨૨૩-૦૦ |
| | | ૧૭. ટેલિફોન ખર્ચ | ૧૩,૮૧૩-૦૦ |
| | | ૧૮. મંડળી વ્યવસાય વેરો | ૧૫,૩૮૩-૦૦ |
| | | ૧૯. પ્રો. ફંડ ફાળો | ૧,૧૫,૧૩૪-૦૦ |
| | | ૨૦. ગ્રેજ્યુઈટી ફંડ ફાળો | ૧,૦૦,૦૦૦-૦૦ |
| | | ૨૧. સભાસદ વ્યાજ વળતર | ૯,૬૭,૫૧૭-૦૦ |
| | | ૨૨. ઈતર ખર્ચ | ૧,૦૪,૭૧૪-૫૨ |
| | | ૨૩. વાર્ષિક સાધારણ સભા ખર્ચ | ૨૬,૬૨૦-૦૦ |
| | | ૨૪. સભાસદ મૃત્યુ ફંડ જોગવાઈ | ૨,૫૦,૦૦૦-૦૦ |
| | | ૨૫. ઓડીટ ફી ખર્ચ | ૩,૦૦૦-૦૦ |
| | | ૨૬. મિનરલ વોટર ખર્ચ | ૯,૨૦૦-૦૦ |
| | | ૨૭. સરભરા ખર્ચ | ૪૩,૮૨૯-૦૦ |
| | | ૨૮. સહકાર પ્રચાર કન્ટ્રી.ખર્ચ | ૧,૨૦૩-૫૮ |
| | | ૨૯. સભાસદ ગીફ્ટ જોગવાઈ | ૧૫,૧૮,૦૦૦-૦૦ |
| | | ૩૦. ઈન્કમટેક્ષ ટ્રીબ્યુનલ ખર્ચ | ૧,૨૯,૮૦૦-૦૦ |
| | | ૩૧. ડેડ સ્ટોક ઘસારા ખર્ચ | ૧,૧૦,૬૭૨-૦૦ |
| | | ૩૨. ઓફીસ સફાઈ ખર્ચ | ૧૨,૦૦૦-૦૦ |
| | | ૩૩. કોમ્પ્યુટર સોફ્ટવેર ખર્ચ | ૭,૫૦૦-૦૦ |
| | | ૩૪. ઈન્સ્યોરન્સ પેકેજ પોલીસી | ૧૦,૭૯૪-૦૦ |
| | | ૩૫. ઈન્કમટેક્ષ રીટર્ન ટેક્ષ ઓડીટ ફી | ૨૫,૦૬૩-૦૦ |
| | | ૩૬. ઈન્ટરનેટ મેન્યુઅલ ખર્ચ | ૧૦,૫૦૦-૦૦ |
| | | ૩૭. સોફ્ટવેર મેન્યુયલ ખર્ચ | ૨૦,૦૦૦-૦૦ |
| | | ૩૮. ચોખ્ખો નફો (સને ૨૦૨૩-૨૪) | ૨૯,૦૦,૦૦૦-૦૦ |
| કુલ એકંદર... | ૪,૪૫,૩૬,૮૩૯-૩૦ | કુલ એકંદર... | ૪,૪૫,૩૬,૮૩૯-૩૦ |

| કાન્તિભાઈ એમ. ચૌધરી | ધર્મેન્દ્રકુમાર બી. પટેલ | ધીરજકુમાર એમ. ચૌધરી | શૈલેષકુમાર એન. ચૌધરી |
|---|---|---|---|
| મેનેજર | મેને. ડીરેક્ટર | વા. ચેરમેન | ચેરમેન |

# મહેસાણા તાલુકાની પ્રાથમિક શાળાઓના શિક્ષકોની નાણાં ધિરનારી સહકારી મંડળી નિયમિત, મહેસાણા

## તા. ૩૧-૦૩-૨૦૨૪ આખરનું સરવૈયું

| મૂડી/દેવું | જમા | મિલકત/લેણું | ઉધાર |
|---|---|---|---|
| ૧. શેર મૂડી | ૧,૫૫,૭૮,૯૬૦-૦૦ | ૧. ડેડ સ્ટોક | ૬,૮૧,૬૯૮-૦૦ |
| ૨. બાળ પ્રો.નિ.સભા.સન્માન ફંડ | ૯,૪૪,૦૬૯-૦૦ | ૨. ફર્નીચર એન્ડ ફીક્ષ્ચર | ૯,૬૪,૮૨૪-૦૦ |
| ૩. રીઝર્વ ફંડ | ૧,૬૬,૨૩,૬૪૫-૦૯ | ૩. ધી મહે. ડી. બેંક શેર | ૧૪,૬૦,૦૦૦-૦૦ |
| ૪. મકાન ફંડ | ૩૨,૪૩,૯૮૮-૩૪ | ૪. ઓફીસ મકાન ડીપોઝીટ | ૪,૦૦,૦૦૦-૦૦ |
| ૫. શકમંદ લેણા ફંડ | ૪૪,૩૨,૨૫૧-૫૪ | ૫. ધી મહે.ડી.બેંક સ્ટાફ પીએફએફ.ડી. | ૧૮,૦૪,૨૦૦-૦૦ |
| ૬. ડીવીડંડ સરખું કરવાનું ફંડ | ૧૦,૭૯,૪૨૭-૧૭ | ૬. ધી મહે.ડી.બેંક ગ્રેજ્યુ.એફ.ડી. | ૧૬,૮૦,૦૦૦-૦૦ |
| ૭. સહકાર પ્રચાર ફંડ | ૧,૦૬૩૪૧-૬૦ | ૭. સિલક હાથ ઉપર | ૩૭,૦૮૧-૦૦ |
| ૮. ધર્માદા ફંડ | ૩,૦૧,૮૦૭-૭૯ | ૮. ધી મહે.ડી.બેંક સેવિંગ ખાતુ | ૨,૮૩,૯૦૦-૪૫ |
| ૯. ડેડ સ્ટોક ઘસારા ફંડ | ૧૫,૩૪,૫૫૮-૬૯ | ૯. ધી મહે.ડી.બેંક કરંટ ખાતુ | ૧૭,૧૪૧-૭૭ |
| ૧૦. સભાસદ મૃત્યુ સહાય ફંડ | ૨,૫૧,૩૧૩-૦૦ | ૧૦. એક્સીસ બેંક સેવિંગ્સ | ૪૪,૦૭,૯૩૨-૩૯ |
| ૧૧. સભાસદ કલ્યાણનિધિ ફંડ | ૧૫,૭૨,૦૮૯-૯૩ | ૧૧. ધી મહે.અર્બન બેંક સેવિંગ્સ | ૪,૨૬,૬૭૫-૯૪ |
| ૧૨. સભાસદ ગીફ્ટ અનામત | ૧૫,૧૮,૦૦૦-૦૦ | ૧૨. ધી મહે.ડી.બેંક પીએફ સેવિંગ્સ | ૪,૨૩૭-૦૦ |
| ૧૩. ફરજીયાત બચત | ૧૯,૮૯,૨૮,૬૮૫-૦૦ | ૧૩. ધી મહે.ડી.બેંક ગ્રેજ્યુ. સેવિંગ્સ | ૩,૧૧૧-૦૦ |
| ૧૪. મરજીયાત બચત | ૨૦,૫૩,૩૦,૪૧૭-૦૦ | ૧૪. બેન્ક ઓફ બરોડા સેવિંગ્સ | ૫,૮૬૧-૮૦ |
| ૧૫. ગ્રેજ્યુઈટી ફંડ | ૧૭,૧૫,૩૦૩-૦૦ | ૧૫. અધેશ્યુ સ્ટેમ્પ | ૬,૬૦૦-૦૦ |
| ૧૬. પ્રોવિડંડ ફંડ | ૧૮,૩૫,૨૭૫-૦૦ | ૧૬. ઈન્કમટેક્ષ | ૫,૮૪,૪૭૯-૦૦ |
| ૧૭. શતાબ્દી મહોત્સવ ફંડ | ૧૭,૦૦,૦૦૦-૦૦ | ૧૭. ધિરાણ | ૪૩,૯૧,૯૯,૦૫૪-૮૦ |
| ૧૮. સભાસદ સારસ્વત વીમા ફંડ | ૪૦,૩૦,૨૦૦-૦૦ | ૧૮. ધી મહે.ડી.બેંક રીસીવ વ્યાજ | ૨૩,૭૨,૪૨૩-૦૦ |
| ૧૯. કુદરતી આપત્તિ ફંડ | ૨૧,૦૦૦-૦૦ | ૧૯. ધી મહે.અર્બનબેંક રીસીવ વ્યાજ | ૩૩,૫૪,૫૧૦-૦૦ |
| ૨૦. એક્સીસ બેન્ક અનક્લીયર ચેક | ૩,૦૪,૮૯૪-૦૦ | ૨૦. લોન પર મળવાપાત્ર વ્યાજ | ૪૩,૭૯,૫૯૭-૦૦ |
| ૨૧.ચોખ્ખો નફો(સને૨૦૨૩-૨૪) | ૨૯,૦૦,૦૦૦-૦૦ | ૨૧. મહે.ડી.બેંક FD વ્યાજ TDS | ૧૧,૨૯,૭૧૯-૦૦ |
| | | ૨૨. મહે.અર્બન બેંક વ્યાજ TDS | ૬,૩૦,૧૭૩-૦૦ |
| | | ૨૩.મહે.ડી.બેંક PF FDવ્યાજTDS | ૨૬,૮૩૮-૦૦ |
| | | ૨૪.મહે.ડી.બેંક ગ્રેજ્યુ.FDવ્યાજTDS | ૩૨,૧૯૨-૦૦ |
| | | ૨૫. કોર્પો.બેંક FD વ્યાજ TDS | ૩૯,૯૩૫-૦૦ |
| | | ૨૬. ઈલેકટ્રીક GEB ડીપોઝીટ | ૧૦,૦૪૪-૦૦ |
| | | ૨૭. ટેલિફોન ડીપોઝીટ | ૧૦,૦૦૦-૦૦ |
| કુલ એકંદર... | ૪૬,૩૯,૫૨,૨૨૮-૧૫ | કુલ એકંદર... | ૪૬,૩૯,૫૨,૨૨૮-૧૫ |

| કાન્તિભાઈ એમ. ચૌધરી | ધર્મેન્દ્રકુમાર બી. પટેલ | ધીરજકુમાર એમ. ચૌધરી | શૈલેષકુમાર એન. ચૌધરી |
|---|---|---|---|
| મેનેજર | મેને. ડીરેકટર | વા. ચેરમેન | ચેરમેન |

# મહેસાણા તાલુકાની પ્રાથમિક શાળાઓના શિક્ષકોની નાણાં ધિરનારી સહકારી મંડળી નિયમિત, મહેસાણા

## સને ૨૦૨૪-૨૦૨૫ નું અંદાજપત્ર

| આવક | રૂા. | ખર્ચ | રૂા. |
|---|---|---|---|
| | | **વ્યાજ ખર્ચ** | |
| ૧. ધિરાણનું વ્યાજ | ૪,૩૭,૨૦,૦૦૦-૦૦ | ૧. ફરજીયાત બચત | ૧,૪૫,૦૦,૦૦૦-૦૦ |
| ૨. બેંક સેવિંગ ખાતાનું વ્યાજ | ૪,૩૯,૦૦૦-૦૦ | ૨. મરજીયાત બચત | ૨,૦૦,૦૦,૦૦૦-૦૦ |
| | | ૩. બાળ પ્રો.નિ.શિ.સ.ફંડ વ્યાજ | ૧,૦૦,૦૦૦-૦૦ |
| ૩. બેંક શેર ડીવીડંડ | ૨,૧૯,૦૦૦-૦૦ | ૪. સભા. સા.વિ.યોજના વ્યાજ | ૪,૦૦,૦૦૦-૦૦ |
| | | **મહેકમ** | |
| | | ૫. પગાર ખર્ચ | ૧૪,૦૦,૦૦૦-૦૦ |
| | | ૬. માનદ વેતન | ૩,૦૦૦-૦૦ |
| | | ૭. આંતરીક ઓડીટર ફી | ૨,૦૦૦-૦૦ |
| | | **બીજું ખર્ચ** | |
| | | ૮. મકાન ભાડું | ૨૦,૦૦૦-૦૦ |
| | | ૯. કન્ટીજન્સી/સ્ટેશનરી ખર્ચ | ૨૦,૦૦૦-૦૦ |
| | | ૧૦. ઈન્કમટેક્ષ રીટર્ન-ઓડીટ | ૩૫,૦૦૦-૦૦ |
| | | ૧૧. ફોર્મ છપામણી ખર્ચ | ૬૦,૦૦૦-૦૦ |
| | | ૧૨. પેકેજ પોલીસી વીમો | ૧૫,૦૦૦-૦૦ |
| | | ૧૩. બોનસ | ૧,૩૦,૦૦૦-૦૦ |
| | | ૧૪. કોમ્પ્યુટર સોફટવેર ખર્ચ | ૩૫,૦૦૦-૦૦ |
| | | ૧૫. કોમ્પ્યુટર હાર્ડવેર ખર્ચ | ૩૫,૦૦૦-૦૦ |
| | | ૧૬. ઈલેકટ્રીક ખર્ચ | ૫૦,૦૦૦-૦૦ |
| | | ૧૭. પોસ્ટેજ ખર્ચ | ૭,૦૦૦-૦૦ |
| | | ૧૮. ભથ્થા ખર્ચ | ૪૦,૦૦૦-૦૦ |
| | | ૧૯. ટેલીફોન ખર્ચ | ૨૦,૦૦૦-૦૦ |
| | | ૨૦. મંડળી વ્યવસાય વેરો | ૨૦,૦૦૦-૦૦ |
| | | ૨૧. પ્રો. ફંડ ફાળો | ૧,૩૫,૦૦૦-૦૦ |
| | | ૨૨. કોમ્પ્યુટર મેન્યુઅલ ખર્ચ | ૨૦,૦૦૦-૦૦ |
| | | ૨૩. ગ્રેજ્યુઈટી ફંડ ફાળો | ૧,૪૫,૦૦૦-૦૦ |
| | | ૨૪. સભાસદ વ્યાજ વળતર | ૧૩,૧૧,૦૦૦-૦૦ |
| | | ૨૫. ઈતર ખર્ચ | ૭૦,૦૦૦-૦૦ |
| | | ૨૬. ડેડ સ્ટોક ઘસારા ખર્ચ | ૧,૧૦,૦૦૦-૦૦ |
| | | ૨૭. મૃત્યુ સહાય ફંડ જોગવાઈ | ૩,૦૦,૦૦૦-૦૦ |
| | | ૨૮. વાર્ષિક સાધારણ સભા ખર્ચ | ૫૦,૦૦૦-૦૦ |
| | | ૨૯. શતાબ્દી મહોત્સવ જોગવાઈ | ૫૦,૦૦૦-૦૦ |
| | | ૩૦. સભાસદ અક.ગ્રુપવીમા પોલીસી | ૪,૦૦,૦૦૦-૦૦ |
| | | ૩૧. શકમંદ લેણા ફંડ જોગવાઈ | ૨,૫૦,૦૦૦-૦૦ |
| | | ૩૨. સભાસદ કલ્યાણ નિ. ફંડ જોગવાઈ | ૨,૦૦,૦૦૦-૦૦ |
| | | ૩૩. મકાન ફંડ જોગવાઈ | ૪,૦૦,૦૦૦-૦૦ |
| | | ૩૪. ઓડીટ ફી ખર્ચ | ૬૦,૦૦૦-૦૦ |
| | | ૩૫. સભાસદ ગીફટ ખર્ચ જોગવાઈ | ૧૫,૨૦,૦૦૦-૦૦ |
| | | ૩૬. મિનરલ વોટર ખર્ચ | ૧૫,૦૦૦-૦૦ |
| | | ૩૭. સરભરા ખર્ચ | ૫૦,૦૦૦-૦૦ |
| | | ૩૮. ઈન્ટરનેટ મેન્યુ. ખર્ચ | ૧૫,૦૦૦-૦૦ |
| | | ૩૯. પર્યટન ખર્ચ | ૨૦,૦૦૦-૦૦ |
| | | ૪૦. ઓફીસ સફાઈ ખર્ચ | ૧૫,૦૦૦-૦૦ |
| | | ૪૧. કુદરતી આપત્તિ ફંડ જોગવાઈ | ૫૦,૦૦૦-૦૦ |
| | | ૪૨. રીઝર્વ ફંડ જોગવાઈ | ૧,૦૦,૦૦૦-૦૦ |
| | | ૪૩. વર્ષ ૨૦૨૪-૨૫ અંદાજે નફો | ૨૨,૦૦,૦૦૦-૦૦ |
| કુલ એકંદર... | ૪,૪૩,૭૮,૦૦૦-૦૦ | કુલ એકંદર... | ૪,૪૩,૭૮,૦૦૦-૦૦ |

| **કાન્તિભાઈ એમ. ચૌધરી** | **ધર્મેન્દ્રકુમાર બી. પટેલ** | **ધીરજકુમાર એમ. ચૌધરી** | **શૈલેષકુમાર એન. ચૌધરી** |
|---|---|---|---|
| મેનેજર | મેને. ડીરેક્ટર | વા. ચેરમેન | ચેરમેન |

# મહેસાણા તાલુકાની પ્રાથમિક શાળાઓના શિક્ષકોની નાણાં ધિરનારી સહકારી મંડળી નિયમિત, મહેસાણા

## પેટા નિયમ સુધારાનું પરિશિષ્ટ

| પેટા કાયદાનં. | ચાલુ પેટા કાયદો | સુધારેલો પેટા કાયદો | સુધારાના કારણો |
|---|---|---|---|
| ૨(૧) | મંડળીના સભાસદના પરિવારને આકસ્મિક કે કુદરતી મૃત્યુના સમયને ધ્યાનમાં લેતાં સભાસદની લાયકાતના સમયને ધ્યાને લઈ સભાસદના દાખલ થયેથી અકસ્માત વીમા યોજના લાગુ પડશે. જે બંધનકર્તા ગણાશે.<br>સારસ્વત વીમા યોજનાના લાભ નીચે મુજબ છે.<br>(૧) દર વર્ષે રૂા.૧૦૦૦/- નોન રીફંડેબલ પ્રિમીયમ વસુલાત થશે જે નિરંતર રહેશે.<br>(૨) વીમા કવચ રૂા. ૫,૦૦,૦૦૦/-(અંકે પાંચ લાખ રૂપિયા પુરા) રહેશે.<br>(૩) વીમા ચૂકવણીના પ્રસંગોમાં વ્ય. કમિટીનો ઠરાવ સર્વોપરી રહેશે. છતાં વારસદાર બાબતમાં પ્રશ્નો થયે મહેસાણા હકુમતી કોર્ટ હુકમી રહેશે.<br>(૪) પ્રિમીયમ વધઘટ અંગે વ્ય.કમિટીની સત્તા રહેશે.<br>(૫) યોજના શરૂ થયે આર્થિક સધ્ધરતા ધ્યાને લઈ પાંચ  વર્ષ પછી નોન રીફંડેબલ પ્રિમીયમ અંગે વ્ય. કમિટીને સત્તા રહેશે. | મંડળીના સભાસદના પરિવારને આકસ્મિક કે કુદરતી મૃત્યુના સમયે સભાસદ સારસ્વત યોજનાનો લાભ મળી શકશે. જેને ધ્યાનમાં લેતાં સભાસદની લાયકાતના સમયને ધ્યાને લઈ સભાસદના દાખલ થયેથી કુદરતી કે અકસ્માત સભાસદ સારસ્વત યોજના લાગુ પડશે. બંધનકર્તા ગણાશે.<br>સભાસદ સારસ્વત યોજનાના લાભ નીચે મુજબ છે.<br>(૧) દર વર્ષે રૂા.૨૦૦૦/- નોન રીફંડેબલ પ્રિમીયમ વસુલાત થશે<br>(૨) સભાસદ સારસ્વત યોજના રૂા.૧૦,૦૦,૦૦૦/-(અંકે દશ લાખ રૂપિયા પુરા) સુધી રહેશે.<br>(૩) સભાસદ સારસ્વત યોજનાની ચૂકવણીના પ્રસંગોમાં વ્ય. કમિટીનો ઠરાવ સર્વોપરી રહેશે. છતાં વારસદાર બાબતમાં પ્રશ્નો થયે મહેસાણા હકુમતી કોર્ટ હુકમી રહેશે.<br>(૪) સભાસદ સારસ્વત યોજના પ્રિમીયમ વધઘટ કે અન્ય બાબતની સત્તા વ્ય.કમિટીની સત્તા રહેશે.<br>(૫) સભાસદ સારસ્વત યોજના શરૂ થયે આર્થિક સધ્ધરતા ધ્યાને લઇ પાંચ  વર્ષ પછી નોન રીફંડેબલ પ્રિમીયમ અંગે વ્ય. કમિટીની સત્તા રહેશે.<br>(૬) મંડળીના સભાસદના પરિવારને આકસ્મિત કે કુદરતી મૃત્યુના સમયે જે સભાસદે નાણાકીય વર્ષ દરમ્યાન સભાસદ સારસ્વત યોજના હેઠળ રૂા.૨૦૦૦/- મંડળીમાં જમા કરાવેલ હશે તે સભાસદને જ સદર યોજનાનો લાભ મળશે.<br>(૭) સભાસદ સારસ્વત યોજના હેઠળ કપાત કરવામાં આવતી રકમ નોન રીફંડેબલ ગણાશે.<br>(૮) નાણાંકીય વર્ષના અંતે સભાસદ સારસ્વત યોજના હેઠળ એકત્ર થયેલ રકમનું વ્ય.કમિટી ઠરાવે તે પ્રમાણે વ્યાજ ગણી સદર યોજનામાં વ્યાજની રકમનો ઉમેરો કરવાનો રહેશે.<br>(૯) સભાસદોના પરિવારના હિતાર્થે મંડળી દ્વારા સભાસદના આકસ્મિત કે કુદરતી મૃત્યુના સમયે  મદદરૂપ થવા સારૂ જે વીમાની રકમ ભરપાઈ કરવાની થાય તે રકમ સભાસદ સારસ્વત યોજનાની જમા રકમમાંથી આપવાની વરહેશે.<br>(૧૦) વીમા કંપની દ્વારા સભાસદના આકસ્મિત કે કુદરતી મૃત્યુના સમયે સભાસદના વારસદારને જે રકમ ચૂકવવામાં આવે તે રકમ રૂા.૧૦ લાખથી ઓછી હોય તો બાકી રહેતી રકમ સભાસદ સારસ્વત યોજનામાંથી આપવાની રહેશે.<br>(૧૧) સભાસદના આકસ્મિત કે કુદરતી મૃત્યુના સમયે વીમા કંપની જયારે રકમ ચૂકવશે ત્યારે સભાસદના વારસદારને રકમ ચૂકવવામાં આવશે.<br>(૧૨) જે સભાસદ નોકરીમાંથી કોઈપણ કારણોસર છૂટા કે નિવૃત થયેલ હશે તેવા સભાસદો કારણોસર મંડળીના સભાસદ પદે ચાલુ હશે તેમજ મંડળીમાંથી રાજીનામુ આપી છૂટા થયેલ સભાસદને સારસ્વત યોજનાનો લાભ મળવાપાત્ર રહેતો નથી. | સભાસદોને મહત્તમ લાભ આપવા |
| ૩ | આ મંડળી નીચે બતાવેલા તમામ અગર હર કોઈ પ્રકારે ભંડોળ ઉભુ કરી શકશે.(૧) ભાગ કાઢીને (૨) કરજ અને થાપણો લઈને (૩) બક્ષિસો અને પ્રવેશ લાગતથી. | આ મંડળી નીચે બતાવેલા તમામ અગર હર કોઈ પ્રકારે ભંડોળ ઉભુ કરી શકશે.(૧) ભાગ કાઢીને (૨) કરજ અને થાપણો લઈને સભાસદના હિત અર્થે કરજ લેવાનું થાય ત્યારે વ્ય. સમિતિ જે વ્યાજદરો નક્કી કરે અથવા ઠરાવે તે પ્રમાણે રહેશે. (૩) બક્ષિસો અને પ્રવેશ લાગતથી. | સભાસદોના હિત અર્થે |
| ૭(૨) | જેની સભાસદ થવા માટેની અરજી વ્ય. સમિતિએ સંપૂર્ણ વધુ મતે મંજુર કરી હશે.(૧) જેણે રૂા.૧/- પ્રવેશ લાગત આપી હશે.(૨) જેણે ઓછામાં ઓછો એકભાગ ખરીદ કર્યો હશે.(૩) જેણે ફરજીયાત બચત તરીકે ઓછામાં ઓછા રૂા. ૫,૦૦૦/- જમા કરાવ્યા હશે. | જેની સભાસદ થવા માટેની અરજી વ્ય. સમિતિએ સંપૂર્ણ વધુ મતે મંજુર કરી હશે.(૧) જેણે રૂા.૧/- પ્રવેશ લાગત આપી હશે.(૨) જેણે ઓછામાં ઓછો શેરનો એકભાગ ખરીદ કર્યો હશે.(૩) જેણે ફરજીયાત બચત તરીકે ઓછામાં ઓછા રૂા. ૧૧,૦૦૦/- જમા કરાવ્યા હશે. | સભાસદોની ફરજીયાત બચતમાં વધારો કરવા |

# મહેસાણા તાલુકાની પ્રાથમિક શાળાઓના શિક્ષકોની નાણાં ધિરનારી સહકારી મંડળી નિયમિત, મહેસાણા

| પેટા કાયદાનં. | ચાલુ પેટા કાયદો | સુધારેલો પેટા કાયદો | સુધારાના કારણો |
|---|---|---|---|
| ૫૧ | કોઈપણ સભાસદને માંઘવારી સિવાયના તેને મળતા પગારના ૫૦ ગણા સુધી કરજ વ્ય. સમિતિ મંજુર કરશે પરંતુ વધુમાં વધુ રૂા. ૧૮,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા અઢાર લાખ પુરા) સુધી જ ધિરાણ કરી શકશે. સભાસદે કરજ લેવાના પ્રસંગે દર ૫૦૦/- રૂપયે એક ભાગ એ પ્રમાણે જેટલા ભાગ લેવા પાત્ર થતા હોય તેટલા લેવા પડશે.પરંતુ એકંદરે રૂા.૧૫૦૦/-(રૂપિયા એક હજાર પાંચસો પુરા) ભાગથી વધારે ભાગ આપવામાં આવશે નહિ. તે ઉપરાંત સભાસદે કલમ ૬૩ માં જણાવ્યા પ્રમાણેની ભરવાપાત્ર થતી ફરજીયાત બચતની રકમ ઉપરાંત ધિરાણ કરવાની રકમના ૫% પ્રમાણે વધુ ફરજીયાત બચતમાં જમા કરાવવા પડશે.મંડળીમાં સભ્ય તરીકે દાખલ થનાર વિદ્યાસહાયક સભાસદને તેને મળતા પગારના ૪૦ ગણા અને વધુમાં વધુ ૫,૦૦,૦૦૦/- (પાંચ લાખ) સુધી જ પેટાનિયમ કલમ ૫૭ પ્રમાણે ધિરાણ મંજુર કરવામાં આવશે. | કોઈપણ સભાસદને માંઘવારી સિવાયના તેને મળતા પગારના ૫૦ ગણા સુધી કરજ વ્ય. સમિતિ મંજુર કરશે પરંતુ વધુમાં વધુ રૂા. ૧૮,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા અઢાર લાખ પુરા) સુધી જ ધિરાણ કરી શકશે. સભાસદે કરજ લેવાના પ્રસંગે દર ૫૦૦/- રૂપયે એક ભાગ એ પ્રમાણે જેટલા ભાગ લેવા પાત્ર થતા હોય તેટલા લેવા પડશે.પરંતુ એકંદરે રૂા.૧૫૦૦/-(રૂપિયા એક હજાર પાંચસો પુરા) ભાગથી વધારે ભાગ આપવામાં આવશે નહિ. તે ઉપરાંત સભાસદે કલમ ૬૩ માં જણાવ્યા પ્રમાણેની ભરવાપાત્ર થતી ફરજીયાત બચતની રકમ ઉપરાંત ધિરાણ કરવાની રકમના ૧૦ % સુધી ફરજીયાત બચતમાં જમા કરાવવા પડશે.મંડળીમાં સભ્ય તરીકે દાખલ થનાર વિદ્યાસહાયક સભાસદને તેને મળતા પગારના ૪૦ ગણા અને વધુમાં વધુ ૫,૦૦,૦૦૦/- (પાંચ લાખ) સુધી જ પેટાનિયમ કલમ ૫૭ પ્રમાણે ધિરાણ મંજુર કરવામાં આવશે. | ફરજીયાત બચતમાં વધારો કરવા સારૂ |
| ૫૪ | કરજ લેનાર સભાસદને પોતાની અને સભાસદ હોય તેવા બે જામીનની જાત જામીનગીરી ઉપર કરજ ધીરવામાં આવશે. | કરજ લેનાર સભાસદને પોતાની અને સભાસદ હોય તેવા બે જામીનની જાત જામીનગીરી ઉપર કરજ ધીરવામાં આવશે.મંડળી સભાસદ ધિરાણ હપ્તાની કપાત સભાસદ પગાર ખર્ચ જે બેંકમાં થતો હશે અથવા મંડળી નક્કી કરે તે બેંકમાં મારા બેંકના ખાતામાંથી ઉધારીને મંડળીના બેંક ખાતામાં જમા કરશે. તેમજ સંડળી સભાસદ પગારના ખાતામાંથી લોન હપ્તો કાપવા માટે અલગથી ઈન્ડેમનીટી બોન્ડ માગશે. ત્યારે હું(સભાસદ) લખી આપીશ. કરજ સમયે મંડળી જે ફેરફારો કરે તેનો અધિકાર મંડળીના વ્ય. સમિતિનો રહેશે.ઉપરાંત વ્યાજ + ફ. બચત + શેરની રકમ કપાવીશ તેમજ કરજદારે બે કોરા ચેક આપવાના રહેશે. | સભાસદ જામીનગીરીમાં સુધારો કરવા |
| ૫૬ | કરજનું વ્યાજ સેંકડે ૧૨% સુધી લેવામાં આવશે અને ધિરાણ કે વસુલાત સમયે તારીખથી તારીખ વ્યાજ ગણવામાં આવશે.જ્યારે હપ્તો વસુલ આવે ત્યારે ચડેલું વ્યાજ પ્રથમ વસુલ કરીને વધે તે મુદ્દલ પેટે જમા લેવામાં આવશે. | કરજનું વ્યાજ સેંકડે વ્ય. સમિતિ જે વ્યાજદર નક્કી કરે તે વ્યાજદરે ધિરાણ કરવામાં આવશે.અને ધિરાણ કે વસુલાત સમયે તારીખથી તારીખ વ્યાજ ગણવામાં આવશે.જ્યારે હપ્તો વસુલ આવે ત્યારે ચડેલું વ્યાજ પ્રથમ વસુલ કરીને વધે તે રકમ મુદ્દલ પેટે જમા લેવામાં આવશે.કરજમાં વ્યાજદર ફેરફાર કરવાનો અધિકાર મંડળીની વ્ય. સમિતિનો રહેશે. | સભાસદોને સગવડતા આપવા સારૂ |
| ૬૨(૩) | નવીન કલમ | કરજ લેનાર સભાસદ લોન ભરવામાં ઢીલ કરે એમ જણાય તો સંસ્થા કરજ લેનાર સભાસદે રાખેલ બે જામીનદારોના પગારમાંથી વસુત કરવામાં આવશે.(નોંધઃ કરજ લેનાર સભાસદ ત્રણથી વધારે હપ્તા સળંગ ના ભરે પછી જામીનદારોને જાણ કરીને જામીનદારો પાસેથી તેમના પગારમાંથી વસુલાત(કપાત) કરવામાં આવશે.) | સભાસદ ધિરાણની વસુલાત સારૂ |
| ૬૨(૪) | નવીન કલમ | સભાસદ અવસાન ઉપરાંત નિવૃત્તિ બાદ સભાસદની મંડળીની બાકી રહેતી લોન સભાસદના વાલીવારસો તથા જામીનદારો વ્યાજ સહ ભરપાઈ કરવા બંધાયેલ રહેશે. | સંસ્થાના હિત સારૂ |
| ૬૫ | ફરજીયાત બચતનું વ્યાજ ૧૧% સુધી આપવામાં આવશે. આપવાની થતી વ્યાજની રકમ મંડળીના વર્ષ આખરે જે તે સભાસદના ફરજીયાત બચતના ખાતે જમા લેવામાં આવશે. દરેક માસની ૧૦મી તારીખ પછી આવેલી રકમનું વ્યાજ આપી શકાશે નહિ. | ફરજીયાત બચતનું વ્યાજવ્ય. સમિતિ જે વ્યાજદર નક્કી કરે તે વ્યાજદરે આપવાની થતી વ્યાજની રકમ મંડળીના વર્ષ આખરે જે તે સભાસદના ફરજીયાત બચતના ખાતે જમા લેવામાં આવશે. દરેક માસની ૧૦મી તારીખ પછી આવેલી રકમનું વ્યાજ આપી શકાશે નહિ. ફ. બચતના વ્યાજદરમાં ફેરફાર કરવાનો અધિકાર વ્ય. સમિતિનો રહેશે. | સભાસદોના હિત અર્થે |
| ૭૩(બ)(૨) | ૫% શકમંદ લ્હેણાં ફંડ ખાતે | ૧૫% શકમંદ લ્હેણાં ફંડ ખાતે | શકમંદલેણા ફંડ ભંડોળ ઉભુ કરવા |
| ૮૩ | નવીન કલમ | સંસ્થા દરેક સભાસદોના સેવિંગ્સ (મ.બચત) ખાતાં ખોલી શકશે. દરેક માસની ૧૦મી તારીખ પછી આવેલી રકમનું વ્યાજ આપી શકશે નહિ. વર્ષની આખરમાં સભાસદના સેવિંગ્સ(મ.બચત) ખાતામાં વ્યાજ જમા આપવામાં આવશે. વ્યાજદરનો ફેરફાર મંડળીની વ્ય.સમિતિનો રહેશે. | સભાસદ બચત સારૂ |

# મહેસાણા તાલુકાની પ્રાથમિક શાળાઓના શિક્ષકોની નાણાં ધિરનારી સહકારી મંડળી નિયમિત, મહેસાણા

## ઈનામ મેળવનાર તેજસ્વી તારલાઓ   વર્ષ : ૨૦૨૩-૨૦૨૪

| નં. | વિદ્યાર્થીનું નામ | સભાસદનું નામ | શાળા | ધોરણ/ડીગ્રી | ટકા(%) |
|---|---|---|---|---|---|
| ૧. | જૂહી મિલનકુમાર દવે | નેહાબેન દીલીપભાઈ પંડ્યા | પુનાસણ | ૩ | ૯૯.૧૬ |
| ૨. | વિવાન જયેશકુમાર અમીન | જયેશકુમાર હરગોવનભાઈ પરમાર | અંબાસણ | ૩ | ૧૦૦.૦ |
| ૩. | કેન્વી જીજ્ઞેશકુમાર પટેલ | જીજ્ઞેશકુમાર બાબુભાઈ પટેલ | મીઠા | ૪ | ૯૮.૩૦ |
| ૪. | કુંજ વિપુલભાઈ પટેલ | ઉર્વશીબેન ગોવિંદભાઈ પટેલ | ઈન્દીરાનગર(લા) | ૪ | ૯૯.૩૩ |
| ૫. | આજ્ઞા મનોજભાઈ પટેલ | જાગૃતિબેન મંગળદાસ પટેલ | બલોલ (કુ.) | ૫ | ૯૯.૫૦ |
| ૬. | વીર રાજેન્દ્રભાઈ ચૌધરી | રમીલાબેન કનુભાઈ ચૌધરી | બોરીયાવી | ૫ | ૯૯.૯૦ |
| ૭. | નવ્યા ડાહ્યાભાઈ ચૌધરી | ડાહ્યાભાઈ ડુંગરભાઈ ચૌધરી | ઈન્દીરાનગર(લા) | ૬ | ૯૮.૧૦ |
| ૮. | હેનિસ પ્રવિણભાઈ ચૌધરી | પ્રવિણભાઈ કુબેરભાઈ ચૌધરી | બોરીયાવી | ૬ | ૯૮.૫૦ |
| ૯. | ત્વિષા વિપુલકુમાર પટેલ | ઉર્વશીબેન ગોવિંદભાઈ પટેલ | ઈન્દીરાનગર(લા) | ૭ | ૯૯.૮૭ |
| ૧૦. | અભિ રાકેશકુમાર પટેલ | આશાબેન ઈશ્વરભાઈ પટેલ | પાલોદર | ૭ | ૯૭.૧૧ |
| ૧૧. | તનુ નરેન્દ્રકુમાર પટેલ | જયશ્રીબેન વિનોદકુમાર પટેલ | મહાદેવપુરા(બો) | ૮ | ૯૯.૩૦ |
| ૧૨. | આર્નવ ચિરાગકુમાર પટેલ | ચિરાગકુમાર ડાહ્યાભાઈ પટેલ | બળવંતપુરા | ૮ | ૯૮.૬૭ |
| ૧૩. | લીસા વિષ્ણુકુમાર પ્રજાપતિ | વિષ્ણુકુમાર ઈશ્વરભાઈ પ્રજાપતિ | સાલડી | ૯ | ૯૭.૨૯ |
| ૧૪. | પ્રિન્સ સંજયકુમાર ગોસ્વામી | સંજયકુમાર રમેશગીરી ગોસ્વામી | ખેરવા (કુ.) | ૯ | ૯૭.૦૦ |
| ૧૫. | હેમાન્સીબેન તેજસકુમાર મોદી | સ્નેહલબેન રસિકલાલ મોદી | મુદરડા | ૧૦ | ૯૨.૦૦ |
| ૧૬. | રેનિશ નિતેશકુમાર મોઢ | વર્ષારાણી વાસુદેવ મોઢ | અંબાસણ | ૧૦ | ૯૫.૫૦ |
| ૧૭. | ખુશીબેન વિનોદકુમાર પ્રજાપતિ | વિનોદકુમાર કાન્તિલાલ પ્રજાપતિ | મહેસાણા-૨ | ૧૧ (કોમર્સ) | ૮૬.૭૧ |
| ૧૮. | નિશિતા દિપકકુમાર ઠાકોર | રીનાબેન કાળુજી ઠાકોર | પાલોદર | ૧૧ (સાયન્સ) | ૫૭.૮૦ |
| ૧૯. | અંશ ધર્મેન્દ્રકુમાર પટેલ | નીતાબેન ધર્મેન્દ્રકુમાર પટેલ | બાલીયાસણ | ૧૧ (સાયન્સ) | ૯૬.૦૦ |
| ૨૦. | જેમ્સ રોહિતકુમાર ચૌધરી | રોહિતકુમાર રણછોડભાઈ ચૌધરી | ગોઝારીયા(કુ) | ૧૨ (કોમર્સ) | ૮૬.૧૫ |
| ૨૧. | કેનાબેન વિજયકુમાર જાદવ | વિજયકુમાર સુખદેવભાઈ જાદવ | રામપુરા(ક) | ૧૨ (સાયન્સ) | ૮૬.૩૦ |
| ૨૨. | હર્ષિલ નરેશભાઈ ચૌધરી | જાગૃતિબેન શંકરલાલ ચૌધરી | મહેસાણા-૩ | ૧૨ (સાયન્સ) | ૮૪.૬૦ |
| ૨૩. | શ્રુતિ શ્રીરામભાઈ દેસાઈ | શ્રીરામભાઈ જયરામભાઈ દેસાઈ | ઈન્દીરા.(રા.) | L.L.B. | ૬૫.૪૦ |
| ૨૪. | દીવ્યકુમાર વેનીશકુમાર મોદી | પરેશાબેન જયંતિલાલ મોદી | બાલીયાસણ | D.Petro. | ૬૩.૬૯ |
| ૨૫. | મિહિર કેતનકુમાર વ્યાસ | પન્નાબેન મહેન્દ્રભાઈ રાવલ | નાગલપુર (કુ) | D. Mech. | ૭.૦૯ |
| ૨૬. | હિરલ રાજેશકુમાર ઓઝા | સુરેખાબેન બાબુલાલ ઓઝા | પાલાવાસણા | B.Ed. | ૯.૪૯ |
| ૨૭. | સાહિલ જીતેન્દ્રકુમાર પટેલ | શિલ્પાબેન પ્રહલાદભાઈ પટેલ | બલોલ | B.Ed. | ૮૬.૭૩ |
| ૨૮. | સ્નેહા હસમુખભાઈ લીમ્બાચીયા | ચંદ્રિકાબેન કાન્તિલાલ નાયી | દેવરાસણ | B.Com. | ૮.૪૨ |
| ૨૯. | પ્રાચી પ્રકાશભાઈ પ્રજાપતિ | પ્રકાશભાઈ કેશવલાલ પ્રજાપતિ | મહેસાણા-૨ | B.Sc. | ૭.૯૨ |
| ૩૦. | ઝીનલ પ્રણવકુમાર પાલડીયા | યશપાલાબેન વિશ્રામભાઈ સોલંકી | મુદરડા | B.Tech.Aer. | ૭.૮૮ |
| ૩૧. | મીતકુમાર રજનીકાન્ત મકવાણા | રજનીકાન્ત ખેમચંદભાઈ મકવાણા | વિરમપુરા | B.E. Civil | ૭.૭૫ |
| ૩૨. | જય ભરતભાઈ પટેલ | પન્નાબેન પ્રહલાદભાઈ પટેલ | મગુના | B.E.Comp. | ૯.૩૨ |
| ૩૩. | ઝીલકુમાર કમલેશભાઈ પટેલ | કમલેશભાઈ મણીલાલ પટેલ | મોહનપુરા | B.E.Mech. | ૭.૭૪ |
| ૩૪. | ચિન્મય મુકેશપુરી ગોસ્વામી | રેણુકાબેન મહેશપુરી ગોસ્વામી | કોચવા | B.Pharm. | |
| ૩૫. | વૈભવકુમાર કિર્તીભાઈ પટેલ | સૂર્યાબેન ભાયચંદભાઈ પટેલ | ખેરવા ક. | M.Tech. | ૯.૨૪ |
| ૩૬. | દિશાબેન રાજેન્દ્રકુમાર ત્રિવેદી | રાજેન્દ્રકુમાર પ્રહલાદભાઈ ત્રિવેદી | મોદીપુર | M.Sc.Micro. | ૭.૮૬ |
| ૩૭. | મહર્ષિ દિલીપકુમાર પટેલ | ભાવનાબેન રમણલાલ પટેલ | ખેરવા કુ. | M.S. E.N.T. | ૬૭.૫૦ |
| ૩૮. | મૈત્રી મુકેશકુમાર મોદી | કુંતલબહેન વિનોદકુમાર મોદી | નુગર | Physiothe. | ૫૯.૧૧ |
| ૩૯. | ડૉ. જીમી મહેન્દ્રકુમાર પટેલ | મહેન્દ્રકુમાર રામાભાઈ પટેલ | સાલડી | Family Medi. | ૫૬.૪૨ |
| ૪૦. | માનસી અર્પણકુમાર પટેલ | જયશ્રીબેન અમૃતલાલ પટેલ | મંડાલી | Dr. of Pharm. | ૮.૬૧ |
| ૪૧. | વિધી દિનેશભાઈ પટેલ | માયાબેન કાશીભાઈ પટેલ | મંડાલી | D.M.L.T. | ૭૧.૨૫ |
| ૪૨. | હાર્દિકકુમાર વિષ્ણુભાઈ પટેલ | મધુબેન પ્રભુદાસ પટેલ | ખેરવા ક. | Indu. Mfg. | ૩.૩૮ |
| ૪૩. | હેત હસમુખભાઈ પટેલ | દક્ષાબેન બાબુભાઈ પટેલ | દવાડા | GATE-2023 | ૮૧.૬૭ |
| ૪૪. | ડૉ. જય શૈલેશકુમાર પટેલ | રાજુલબેન ત્રિભોવનદાસ પટેલ | ભાસરીયા | GPSC Class-2 | |
| ૪૫. | સ્વરા વસંતકુમાર પરીખ | વસંતકુમાર રમણલાલ પરીખ | સામેત્રા | Taekwondo | Gold Medal |
| ૪૬. | તનશ્રી કેતનકુમાર પટેલ | ચંદ્રિકાબેન મણીલાલ પટેલ | તેજપુરા | in Sceting | First |

# મહેસાણા તાલુકાની પ્રાથમિક શાળાઓના શિક્ષકોની નાણાં ધિરનારી સહકારી મંડળી નિયમિત, મહેસાણા

## *આંતરીક ઓડીટરશ્રીનો રીપોર્ટ*

આત્મીય સભાસદ મિત્રો ,

મેં આપણી મંડળીના સને ૨૦૨૩-૨૦૨૪ના વર્ષના હિસાબોનું મંડળીએ ઠરાવ્યા અનુસાર રોજમેળ, ખાતાવહી, વાઉચર, ધિરાણ, જમા-ઉધારનું ચેકીંગ કરેલ છે. તપાસણી દરમ્યાન શરતચુકથી જણાવેલ ક્ષતિઓ મંત્રીશ્રીની રૂબરૂમાં ચર્ચા કરી યોગ્ય સુધારા કરાવેલ છે. મારી કામગીરી દરમ્યાન કર્મચારી સ્ટાફ અને વ્ય. કમીટીનો સહકાર મળવાથી ઓડીટ કામ સરળ બનેલ છે. જેથી વ્યવહારોનું પણ વ્યવસ્થિત ચેકીંગ કરેલ છે.

ધિરાણ બેઝીક પગારના ૪૦ ગણા વધુમાં વધુ રૂા. ૧૮,૦૦,૦૦૦-૦૦ (રૂપિયા અઢાર લાખ પુરા) આપવામાં આવે છે. વિદ્યાસહાયક બેઝીક પગારના ૨૦ ગણા અને રૂા. ૫,૦૦,૦૦૦-૦૦ પુરા ચુકવવામાં આવે છે. અને અકસ્માત/કુદરતી મૃત્યુ સમયે મંડળીના માધ્યમથી રૂા.૧૦,૦૦,૦૦૦-૦૦ મૃતક સભાસદના વારસદારને ચુકવવામાં આવે છે. જે મંડળીનો ઉમદા વહીવટનો નમુનો છે. ઓડીટ-અ વર્ગ મેળવીને આપણી મંડળી વહીવટમાં અવ્વલ નંબરે રહી છે. મંડળીમાં ચાલતી મરજીયાત બચત યોજના સભાસદો માટે ઘણીજ લાભ દાયક હોઈ જે શિક્ષક મિત્રો આ યોજનામાં જોડાયા નથી તેમણે સત્વરે જોડાઈ જવા નમ્ર અનુરોધ કરૂ છું.

અંતમાં મારામાં વિશ્વાસ મુકી જે આંતરીક ઓડીટરની કપરી કામગીરી સોંપેલ જે મેં પ્રામાણિકપણે અદા કરેલ છે. તેમ છતાં મારા કાર્યમાં જો કોઈ ક્ષતિ રહી ગઈ હોય તો દીલગીરી વ્યક્ત કરી મંડળીની ઉત્તરોતર પ્રગતિ સૌના સાથ અને સહકારથી થશે એ આશા સહ...

***લાલાભાઈ જી. મનસુરી***
આંતરીક ઓડીટરશ્રી

## *આંતરીક ઓડીટરશ્રીની પસંદગી માટે સુચના*

આથી મંડળીના તમામ સભાસદ ભાઈ-બહેનોને જણાવવામાં આવે છે કે જે સભ્યને મંડળીના સને ૨૦૨૪-૨૦૨૫ના વર્ષ માટે આંતરીક ઓડીટર તરીકે કામ કરવાની ઈચ્છા હોય, તેમણે પોતાની અરજી મંડળીના કાર્યાલયમાં ***તા. ૧૦-૦૬-૨૦૨૪*** સુધીમાં રૂબરૂ આપી જવા વિનંતી છે.

આંતરીક ઓડીટર તરીકે પસંદગી પામનાર સભાસદે હિસાબ તપાસવા મંડળીના કામકાજના ચાલુ દિવસોમાં અઠવાડીયામાં એક આખો દિવસ (રવિવાર સિવાય) તપાસવાની કામગીરી કરશે તો કામ પુરૂ થઈ શકશે. અને કામ પુરૂ કરવાની મંડળીની કારોબારી નક્કી કરે તે પ્રમાણે બાંહેધરી આપવાની રહેશે. તો તેની નોંધ લેવી.

***શૈલેષકુમાર એન. ચૌધરી***
પ્રમુખશ્રી
મહેસાણા તા. પ્રા. શા. શિ. નાણાં ધિ. સ. મંડળી નિ. મહેસાણા

## *સભાસદોના તેજસ્વી બાળકો માટે ઇનામને પાત્રની સુચના*

આથી મંડળીના તમામ સભાસદ ભાઈ-બહેનોને નમ્ર વિનંતી છે કે મંડળીની આગામી મળનારી વાર્ષિક સાધારણ સભામાં ઈનામને પાત્ર બાળકોનું સન્માન કરવાનું હોઈ જે તે કક્ષામાં આવતા પોતાના બાળકની માર્કશીટની પ્રમાણિત નકલ મંડળીના કાર્યાલયમાંથી અરજી ફોર્મ ભરી ***તા. ૧૦-૬-૨૦૨૪*** સુધીમાં અવશ્ય મોકલશો. નિયત તારીખ પછી આવેલ માર્કશીટની નકલને ધ્યાનમાં લેવામાં આવશે નહીં અને ઈનામને પાત્ર ગણાશે નહીં.

નોંધ : ધોરણ ૧ , ૨ ની માર્કશીટ સ્વીકારવામાં આવતી નથી.

## મહેસાણા તાલુકાની પ્રાથમિક શાળાઓના શિક્ષકોની નાણાં ધિરનારી સહકારી મંડળી નિયમિત, મહેસાણા

### છેલ્લા ૧૫ વર્ષનો પ્રગતિ અહેવાલ

| વર્ષ | સભાસદ સંખ્યા | શેર ભંડોળ રૂા. પૈસા | વર્ષાન્તે ધિરાણ રૂા. પૈસા | મરજીયાત બચત રૂા. પૈસા | વર્ષાન્તે ફ.બચત રૂા. પૈસા | વર્ષનું વ્યાજ રૂા. પૈસા | કુલ ભંડોળ રૂા. પૈસા | નફો રૂા. પૈસા | ડીવીડંડ ટકા | ઓ. વર્ગ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૯-૧૦ | ૧૪૫૩ | ૯૧૦૯૮૫૦-૦૦ | ૧૫૯૯૦૯૮૪૮-૮૦ | ૮૮૮૬૫૪૯૬-૦૦ | ૬૭૯૫૪૦૦૯-૯૫ | ૧૬૭૦૬૩૯૧-૦૦ | ૧૭૯૦૩૬૧૩૫-૦૫ | ૨૮૦૦૦૦૦-૦૦ | ૧૨ | અ |
| ૧૦-૧૧ | ૧૪૭૪ | ૧૦૮૦૭૬૬૦-૦૦ | ૧૯૧૫૭૧૦૩૯-૮૦ | ૧૦૦૮૩૬૬૦૪-૦૦ | ૮૦૭૩૨૩૮૪-૯૫ | ૧૭૯૪૦૯૦૭-૦૦ | ૨૨૦૩૧૪૯૫૦-૮૦ | ૩૧૦૦૦૦૦-૦૦ | ૧૨ | અ |
| ૧૧-૧૨ | ૧૪૯૮ | ૧૧૯૪૯૧૩૦-૦૦ | ૨૦૯૬૯૦૪૨૦-૮૦ | ૧૦૧૭૭૫૯૫૬-૦૦ | ૯૧૬૬૩૦૨૬-૯૫ | ૧૯૭૭૫૯૧૪-૦૦ | ૨૨૨૩૦૧૫૫૭-૦૨ | ૨૪૦૦૦૦૦-૦૦ | ૧૨ | અ |
| ૧૨-૧૩ | ૧૫૬૮ | ૧૨૬૨૮૫૩૦-૦૦ | ૨૦૮૨૫૯૪૨૮-૮૦ | ૯૯૩૮૯૯૧૮-૦૦ | ૧૦૦૩૬૩૨૪૨-૦૦ | ૨૦૮૬૭૭૩૯૮-૦૦ | ૨૨૮૮૪૦૬૨૯-૦૨ | ૨૬૦૦૦૦૦-૦૦ | ૧૨ | અ |
| ૧૩-૧૪ | ૧૬૩૭ | ૧૩૦૩૯૭૦૦-૦૦ | ૨૩૧૯૮૮૨૦૩-૮૦ | ૧૩૯૪૯૦૫૭૩-૦૦ | ૧૧૨૧૫૭૮૬૯-૦૦ | ૨૧૯૬૬૪૩૨-૦૦ | ૨૮૨૦૯૩૩૧૦-૩૨ | ૨૭૦૦૦૦૦-૦૦ | ૧૩ | અ |
| ૧૪-૧૫ | ૧૬૪૫ | ૧૩૬૧૮૫૬૦-૦૦ | ૨૫૧૩૯૫૭૨૭-૮૦ | ૧૬૨૫૯૨૮૧૦-૦૦ | ૧૨૭૯૯૫૧૯-૦૦ | ૨૪૦૨૨૧૩૪-૦૦ | ૩૨૩૫૦૨૮૭૬-૩૨ | ૩૧૦૦૦૦૦-૦૦ | ૧૩ | અ |
| ૧૫-૧૬ | ૧૬૩૧ | ૧૪૧૪૪૮૩૦-૦૦ | ૨૯૨૨૩૫૫૨૪-૮૦ | ૧૭૯૨૧૨૧૫૯-૦૦ | ૧૪૧૫૮૬૩૨૫-૦૦ | ૨૫૮૨૨૩૪૯-૦૦ | ૩૫૭૨૪૦૪૦૪-૧૯ | ૩૨૦૦૦૦૦-૦૦ | ૧૩ | અ |
| ૧૬-૧૭ | ૧૬૫૫ | ૧૪૮૩૮૦૭૦-૦૦ | ૩૫૩૨૧૬૩૪૮-૮૦ | ૨૦૨૫૧૫૫૨૨-૦૦ | ૧૫૬૯૫૨૯૬૨-૬૨ | ૨૮૬૫૪૯૯૩-૦૦ | ૩૯૮૬૩૬૫૨૩-૨૬ | ૩૨૨૫૦૦૦-૦૦ | ૧૩ | અ |
| ૧૭-૧૮ | ૧૬૫૦ | ૧૫૬૬૨૯૯૦-૦૦ | ૪૦૩૨૬૯૬૩૧-૮૦ | ૨૫૫૨૫૦૬૭૫-૦૦ | ૧૬૯૪૪૭૬૮-૦૦ | ૩૪૧૫૦૩૯૪-૦૦ | ૪૭૦૩૬૬૦૭૯-૩૧ | ૩૩૦૦૦૦૦-૦૦ | ૧૩ | અ |
| ૧૮-૧૯ | ૧૬૧૩ | ૧૬૦૩૩૩૦૦-૦૦ | ૪૪૬૧૫૭૪૧૮-૮૦ | ૩૧૪૭૫૫૯૩૬-૦૦ | ૧૭૮૮૩૮૨૧૦-૦૦ | ૩૯૨૫૧૨૦૮-૦૦ | ૫૪૨૬૩૮૭૦૨-૦૦ | ૨૮૦૦૦૦૦-૦૦ | ૧૦ | અ |
| ૧૯-૨૦ | ૧૫૭૭ | ૧૬૨૧૮૬૯૦-૦૦ | ૪૫૧૩૬૪૬૮૬-૮૦ | ૩૨૫૭૯૭૫૫૬-૦૦ | ૧૮૫૩૪૪૬૩૫-૦૦ | ૩૮૦૩૫૯૬૧-૦૦ | ૫૬૫૫૭૯૫૦૪-૦૦ | ૨૯૦૦૦૦૦-૦૦ | ૧૦ | અ |
| ૨૦-૨૧ | ૧૫૩૬ | ૧૬૨૯૭૨૮૦-૦૦ | ૪૬૩૫૬૩૨૮૩-૮૦ | ૩૮૮૧૨૯૪૫૭-૦૦ | ૧૯૦૪૦૯૯૮૧-૦૦ | ૩૫૭૯૮૨૫૨-૦૦ | ૬૩૩૮૯૯૦૨૦-૪૭ | ૪૯૦૦૦૦૦-૦૦ | ૧૨ | અ |
| ૨૧-૨૨ | ૧૪૯૩ | ૧૬૧૯૩૪૪૦-૦૦ | ૪૬૮૫૬૦૭૮૦-૮૦ | ૩૩૮૦૯૦૭૦૪-૦૦ | ૧૯૫૪૧૮૧૮૨-૦૦ | ૩૫૨૭૧૧૯૦-૦૦ | ૫૯૫૩૯૨૩૪૪-૬૭ | ૩૦૦૦૦૦૦-૦૦ | ૧૦ | અ |
| ૨૨-૨૩ | ૧૪૪૦ | ૧૫૮૭૦૬૦૦-૦૦ | ૫૦૧૩૪૬૮૭૧-૮૦ | ૨૫૫૨૧૨૨૨૩-૦૦ | ૧૯૪૧૨૯૦૨૬-૦૦ | ૩૭૪૩૦૭૯૫-૦૦ | ૫૮૭૦૧૮૪૯૬-૨૭ | ૩૨૦૦૦૦૦-૦૦ | ૧૦ | અ |
| ૨૩-૨૪ | ૧૫૧૫ | ૧૫૫૭૮૯૬૦-૦૦ | ૪૩૯૧૯૯૦૫૪-૮૦ | ૨૦૫૩૩૦૪૧૭-૦૦ | ૧૯૮૯૨૮૬૮૫-૦૦ | ૩૯૭૦૭૬૪૦-૦૦ | ૪૬૩૯૫૨૨૨૮-૧૫ | ૨૯૦૦૦૦૦-૦૦ | ૧૦ ભલામણ | અ |

| કાન્તિભાઈ એમ. ચૌધરી | ધર્મેન્દ્રકુમાર બી. પટેલ | ધીરજકુમાર એમ. ચૌધરી | શૈલેષકુમાર એન. ચૌધરી |
|---|---|---|---|
| મેનેજર | મેને. ડીરેક્ટર | વા. ચેરમેન | ચેરમેન |

# મહેસાણા તાલુકાની પ્રાથમિક શાળાઓના શિક્ષકોની નાણાં ધિરનારી સહકારી મંડળી નિયમિત, મહેસાણા.

## સૂચનાઓ

૧. મહેસાણા જોટાણા તાલુકાની પ્રાથમિક શાળામાં શિક્ષક તરીકે નોકરી કરતો હશે. તે મંડળીનો સભાસદ થઈ શકશે. (નોંધાયેલ ખાનગી શાળાઓનો આમાં સમાવેશ થતો નથી.)

૨. મંડળીના સભાસદ થવા મંડળીના કાર્યાલયમાં રૂબરૂ આવી પ્રવેશ ફોર્મ ભરવાનું રહેશે.

૩. નોકરીના ૧ વર્ષ પુરા થયેથી અને મંડળીમાં દાખલ થઈ ૬ માસ પુરા થયાથી સભાસદ કરજ લેવાને પાત્ર થાય છે.

૪. બેઝિક પગારના ૪૦ ગણા વધુમાં વધુ રૂા. ૧૮,૦૦,૦૦૦-૦૦ સુધી ૮.૨૫% ના ડે ટુ ડે વ્યાજની ગણતરીથી ધિરાણ કરવામાં આવે છે. વિદ્યાસહાયકને રૂા.૫,૦૦,૦૦૦-૦૦ સુધી ધિરાણ કરવામાં આવે છે.

૫. દર રવિવારે તથા રાષ્ટ્રીય તહેવારના દિવસે તથા બીજા અને ચોથા શનિવારે કાર્યાલય બંધ રહેશે.

૬. બદલીના પ્રસંગે મંડળીમાં તુરંતજ જાણ કરવી.

૭. દરેક સભાસદને ફરજીયાત બચત રૂા.૫૦૦-૦૦ માસિક અચૂક ભરવી.

૮. તા. ૩૧-૦૩-૨૦૨૪નો હિસાબ દરેક સભ્યને મોકલી આપેલ છે જે મેળવી લઈ, તપાસી સહી કરી પ્રત અવશ્ય મંડળીમાં પરત કરવી.

૯. સભાસદે મરજીયાત બચતમાં વર્ષમાં બે વાર હપ્તો ફેરફાર કરવામાં આવશે. (એપ્રિલ, સપ્ટેમ્બર)

૧૦. ધિરાણ લીધા પછી ૬ માસ પુરા થયેથી અથવા ખાતુ ચુકતે થયેથી નવીન લોનની માંગણી કરી શકશે.

૧૧. કરજ લેવા માટે જે તારીખ આપી હોય તે તારીખે અવશ્ય ચેક લઈ જવો. અન્ય કરજ ખર્ચ કે માંગણી ફોર્મમાં છેકછાક કરવી નહી. કરજખતમાં કરજદાર અને જામીનદારની પુરી સહી કરવી.

૧૨. નાણાકીય લેવડ-દેવડ માટેનો સમય સોમવાર થી શનિવાર સવારે ૧૦-૦૦ થી ૩-૦૦ કલાકનો રહેશે.

૧૩. લોન લેવા જેટલો આગ્રહ વસુલાતમાં પણ રાખવો.

૧૪. લોન લેવા સભાસદે પોતેજ આવવું. ઓથોરિટી પત્ર ચાલશે નહીં.

૧૫. દરેક સભાસદે વાર્ષિક સાધારણ સભામાં હાજર રહેવાનો આગ્રહ રાખવો અને વાર્ષિક અહેવાલ સાથે લેતા આવવું.

૧૬ શેરની મર્યાદા રૂા. ૧૫,૦૦૦-૦૦ થયેલ છે. તે ધિરાણ ઉપરાંત રોકડેથી લઈ શકાય છે.

૧૭. વ્યાજ વળતર અને ડિવિડંડની રકમ જેતે સભાસદના ફરજીયાત બચત ખાતામાં જમા આપવામાં આવે છે.

૧૮. ધિરાણ (લોન)ચેકથી આપવામાં આવે છે.

૧૯. એક સભાસદ વધુમાં વધુ ૩ કરજદાર સભાસદોના જામીન થઈ શકશે.

૨૦. નોકરીમાંથી નિવૃત્તિ વયે કે સ્વૈછિક છુટા થતા શિક્ષક સભાસદોએ મંડળીમાંથી પણ તરતજ સભ્યપદેથી છુટા થઈ જવું. બદલીના પ્રસંગે મંડળીમાં અવશ્ય જાણ કરવી.

૨૧. તાલુકા ફેર આવનાર શિક્ષક સભાસદે વારસદારની નિમણૂંક માટે ડેકલેરેશન ફોર્મ અવશ્ય ભરી જવું.

૨૨. પેટા કાયદા તથા વખતોવખત ઘડેલા નિયમો દરેક સભાસદને બંધનકર્તા રહેશે.

૨૩. ૩૧ મી માર્ચ, વર્ષ આખર હોઈ મંડળીનું કામકાજ તા. ૧ લી એપ્રિલથી તા. ૫ મી એપ્રિલ સુધી સભાસદો માટે બંધ રહેશે.

**નોંધ :** સભાસદ મિત્રોને જણાવવાનું કે વ્યવસ્થાપક સમિતિની ૫ (પાંચ) વર્ષની મુદત પુરી થયેલ હોવાથી ચૂંટણી જાહેર કરવાની હોઈ, જે હાલ લોકસભાની ચૂંટણી પ્રક્રિયા હોઈ આચાર સંહિતા પૂર્ણ થતાં મંડળીની વ્યવસ્થાપક સમિતિની ચૂંટણી પ્રક્રિયા અને સાધારણ સભાની તારીખ અને સ્થળ હવે પછીનો કાર્યક્રમ આગામી સમયમાં જાહેર કરવામાં આવશે. જે મંડળીના તમામ સભાસદોની જાણ સારૂં.

# કાર્ય દર્પણ

## વ્યાજનો દર

મરજીયાત બચત ૬.૨૫ %
ફરજીયાત બચત ૦૭ %
ધિરાણ (ડે ટુ ડે) ૮.૨૫ %
ડિવિડન્ડ ૧૦ %

## ધિરાણ

બેઝીક પગારના ૪૦ ગણા
અને ૧૮,૦૦,૦૦૦-૦૦ સુધી
વિદ્યાસહાયકોને ૨૦ ગણા
અને ૫,૦૦,૦૦૦-૦૦ સુધી

## વિશિષ્ટ લાભ

| | |
|---|---|
| ધિરાણ ઉપર વ્યાજ વળતર | ૨.૫ % |
| મૃત્યુ સહાય | રૂા. ૨,૫૦,૦૦૦-૦૦ |
| નિવૃત્ત સભાસદ | રૂા. ૧૫૦૦-૦૦ |
| સરસ્વતી-લક્ષ્મી બોન્ડ સભાસદને | રૂા. ૫૦૦૦-૦૦ |

પ્રથમ દિકરીના જન્મ પ્રસંગે

## અકસ્માત/કુદરતી વિમો

રૂા. ૧૦,૦૦,૦૦૦-૦૦ સભાસદ સારસ્વત વિમા યોજના

## વિશિષ્ટ કાર્યો

સભાસદોના તેજસ્વી તારલાઓનું ભવ્ય સન્માન,
વિશિષ્ટ લાયકાત મેળવનાર અને
નિવૃત્ત સભાસદોનું યોગ્ય સન્માન
શિક્ષકોના શિક્ષણોત્તર કાર્યમાં યથાયોગ્ય ફાળો,
દેશની પુર, ભૂકંપ, દુષ્કાળ, કોરોના જેવી અન્ય
સંકટ સમયની સ્થિતિમાં યથાયોગ્ય ફાળો.


website : www.mehtapritecoopcrsoc.com
Email : mtmandali1589@gmail.com
ટોલ ફ્રી નં. : ૧૮૦૦-૨૩૩-૧૪૪૦


**Balance Inquiry No.**
**80944 75556**

પ્રિન્ટેડ મેટર - બુક-પોસ્ટ

પ્રતિશ્રી,


રવાના :
**મહેસાણા તાલુકાની પ્રાથમિક શાળાઓના શિક્ષકોની નાણાં ધિરનારી સહકારી મંડળી નિયમિત, મહેસાણા.**
મહેસાણા જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘ, જેલ રોડ,
મહેસાણા-૩૮૪૦૦૨. મો. ૮૧૨૮૫ ૪૦૦૪૦



વિકાસ પ્રિન્ટીંગ પ્રેસ, સંઘવી પોળ, સ્ટેશન રોડ, મહેસાણા.
મો. ૯૮૨૫૦ ૮૧૭૮૨, ૯૭ ૨૭ ૬૦ ૪૦ ૨૧ (મેવડ)